Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 Web: www.saurashtrakranti.com
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 70 Dt.03-01-2023 (Tuesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા. પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# રાજકોટ મહાનગરના અનેક વિસ્તારોને ૩ દિવસ તબક્કાવાર પાણી નહીં મળે

## તા.૫, ૬ અને ૭ના રોજ સંખ્યાબંધ વોર્ડના અનેક વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેવાની મનપાની જાહેરાત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

રાજકોટ મહાનગરના રહેવાસીઓ માટે પાણીકાપ એ હવે કાયમની શિરદર્દ જેવી સમસ્યા બન્યું છે. તા.૫, ૬ અને ૭ જાન્યુઆરી એટલે કે, ગુરૂ, શુક્ર તથા શનિવાર ૩ દિવસ સુધી તબક્કાવાર રીતે મહાનગરના અનેક વિસ્તારોમાં પાણી વિતરણ થશે નહીં. તેવું મહાનગરપાલિકા વોટર વર્કસ શાખાએ જાહેર કર્યું છે.

મનપાની એક યાદી જણાવે છે કે, નર્મદા યોજના આધારિત પાણી પુરવઠો પૂરો પાડતા ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. દ્વારા એનસી-૩૨, ૩૩ અને ૩૪ પ્રોજેક્ટ પાઈપલાઈન પર એરવાલ્વ રીપેરીંગ તથા પમ્પીંગ સ્ટેશન ખાતે સંલગ્ન કામગીરી કરવાની હોવાથી તા.૫ થી તા.૭ ૩ દિવસ શટડાઉન રહેશે. જેના કારણે ન્યારા ઓફ ટેક તથા બેડી ફિલ્ટર પ્લાન્ટ સુધી પાણીનો પુરતો જથ્થો મેળવી શકાશે નહીં.

| તારીખ | ઝોન | વોર્ડ નંબર |
|---|---|---|
| ૦૫/૦૧/૨૦૨૩ | જંકશન , ગાંધીગ્રામ | ૧ પાર્ટ, ૨ પાર્ટ, ૩ પાર્ટ , ૯ પાર્ટ |
| ૦૬/૦૧/૨૦૨૩ | ગ્રીનલેન્ડ , રીંગ રોડ , સોજીત્રા નગર | ૦૨ પાર્ટ , ૦૪ પાર્ટ , ૦૫ પાર્ટ, ૮ પાર્ટ, ૯ પાર્ટ, ૧૦ પાર્ટ |
| ૦૭/૦૧/૨૦૨૩ | જીલ્લા ગાર્ડન, રેલનગર , બજરંગ વાડી | ૨ પાર્ટ, ૩ પાર્ટ , ૭ પાર્ટ, ૧૪ પાર્ટ |

મનપાની યાદી અનુસાર તા.૫ ને ગુરુવારે જંકશન, ગાંધીગ્રામ ઝોનમાં વોર્ડ નં.૧,૨,૩ અને ૯ ના સંખ્યાબંધ વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે. તા.૬ ને શુક્રવારના રોજ ગ્રીનલેન્ડ, રીંગરોડ અને સોજીત્રાનગર ઝોનના વોર્ડ નં.૨,૪,૫,૮,૯ અને ૧૦ ના સંખ્યાબંધ વિસ્તારોમાં પાણી વિતરણ નહીં થાય. જયારે તા.૭ ને શનિવારના રોજ જિલ્લા ગાર્ડન, રેલનગર અને બજરંગવાડી ઝોનમાં વોર્ડ નં.૨,૩,૭ અને ૧૪ ના કેટલાક વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે. પાણી વિતરણ બંધ રહેવાથી ગૃહિણીઓમાં દેકારો થવાની સંભાવના છે.(૨.૧૨)

# દુનિયાભરમાં ફરી કોરોના: સાત દિવસમાં ૩૦ લાખ કેસ



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી તા.૩

દુનિયાભરના દેશોમાં કોરોના ફરી ઝડપભેર પ્રસરવા લાગ્યો છે અને નવા વર્ષના સપ્તાહ દરમ્યાન વિશ્વમાં ૩૦ લાખથી વધુ કેસો નોંધાયા છે.વર્લ્ડોમીટર્સના રીપોર્ટ પ્રમાણે છેલ્લા સાત દિવસ દરમ્યાન દુનિયાભરમાં કોરોનાના કેસોમાં વૃદ્ધિ થઈ છે અને ૩૦ લાખ કેસો નોંધાયા છે જયારે ૯૫૩૫ લોકોના મૃત્યુ થયા છે. ૨૦ લાખ લોકો કોરોનામાંથી સાજા થયા છે.

રીપોર્ટ પ્રમાણે સૌથી વધુ સંક્રમણ જાપાનમાં છે જયાં સાત દિવસમાં ૧૦.૩૦ લાખ નવા કેસ નોંધાયા છે અને ૨૧૭૯ લોકોનો ભોગ લેવાયો હતો. દક્ષિણ કોરિયામાં પણ સંક્રમણ તેજ હોય તેમ ૪.૫૪ લાખ કેસ નોંધાયા હતા અને ૪૪૦ લોકોના મોત નિપજયા હતા.

અમેરિકામાં ૧.૭૯ લાખ કેસની સામે ૧૧૦૩ લોકોના મોત નિપજયા હતા. જયારે તાઈવાનમાં ૧.૭૫ લાખ, બ્રાઝીલમાં ૧.૬૯ લાખ, હોંગકોંગમાં ૧.૬૫ લાખ, જર્મનીમાં ૧.૫૭ લાખ, ફ્રાંસમાં ૧.૪૪ લાખ, ઈટલીમાં ૬૨૭૦૦ તથા આર્જેન્ટીમાં ૬૧૨૯૩ કેસ નોંધાયા હતા.

ભારતમાં સાત દિવસ દરમ્યાન કોરોનાના ૧૫૫૦ કેસ નોંધાયા છે જયારે ૧૧ લોકોના મોત થયા છે. રશિયામાં ૩૭૮૦૪ કેસ હતા. ચીનમાં સતાવાર સંખ્યા ૩૭૧૪૯ની જણાવવામાં આવી છે.

# ચાઈનીઝ દોરીથી મૃત્યુની ઘટનાઓની ગંભીર નોંધ લેતી હાઈકોર્ટ

## માત્ર જાહેરનામું બહાર પાડીને બેસી રહેવાય નહીં, અમલ કરાવો

**રાજ્ય સરકારને બે દિવસમાં સોગંદનામું રજુ કરવા અદાલતનો આદેશ**

(એજન્સી સમાચાર)
અમદાવાદ, તા.૩

ગુજરાતમાં સુરત અને વડોદરા જેવા મહાનગરોમાં ચાઈનીઝ દોરીથી ગળું કપાઈ જવાથી બે યુવાનોના મૃત્યુ થયાની ઘટના અંગે હાઈકોર્ટ રાજ્ય સરકાર પર નારાજ થઇ ઉઠી છે. ગુજરાત હાઈકોર્ટે આકરી ટકોર કરી છે કે, ચાઈનીઝ દોરી અને એવી ચીજો પર પ્રતિબંધ મૂકતું માત્ર જાહેરનામું બહાર પાડી લેવું પુરતું નથી, જાહેરનામાંનો અમલ કરાવવો જરૂરી છે.

હાઈકોર્ટે આકરી ભાષામાં અવલોકન કર્યું હતું કે,

(અનુ.પાના નં.૪ ઉપર)

### ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ છતાં વેપારીઓ મંગાવી રહ્યા છે જથ્થો

સાણંદ પોલીસે તેલાવ ગામે બાતમીને પગલે રેડ પાડી હતી. જ્યા પ્રતિબંધિત દોરીનું વેચાણ થતું હોવાનું સામે આવતા તેલાવના કાસિન્દ્રાવાસ માંથી ચાઈનીઝ દોરીના જથ્થા સાથે બે શખ્સોની અટકાયત કરી હતી. ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ હોવા છતાં વેપારીઓ જથ્થો મગાવી રહ્યાં છે અને વેચાણ પણ કરી રહ્યા છે. જેને લઈને અકસ્માત સર્જાતા તંત્ર સફાળું જાગ્યું છે. જોકે તંત્ર અત્યાર સુધી સુસુપ્ત અવસ્થામાં હોવાથી અનેક અકસ્માતો થયા છે. જેને લઈને લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

### દોરીઓ ઘાતક બની હોવાની અનેક ઘટના

ઉત્તરાયણ પૂર્વે પતંગની દોરીઓ ઘાતક બની રહી છે. જેમાં વડોદરામાં ઉત્તરાયણ પહેલા ચાઈનીઝ દોરીએ યુવકનો ભોગ લીધો હતો. ચાઈનીઝ દોરીથી ગળું કપાતા ૩૦ વર્ષના આશાસ્પદ યુવકનું મૃત્યુ થયું હતું. નવાપુરા વિસ્તારમાં રબારીવાસ પાસે કરૂણ ઘટના બની હતી.આ ઉપરાંત અમદાવાદમાં ચાઈનીઝ દોરીથી એક કિશોર ઈજાગ્રસ્ત થયો હતો. જમાલપુર રિવરફ્રન્ટ રોડથી પસાર થતી વખતે આ દૂર્ઘટના સર્જાઈ હતી. વધુમાં સુરતના કામરેજમાં અકસ્માત સર્જાયો હતો. જેમાં કામરેજ ચાર રસ્તા પરથી પસાર થઈ રહેલા બળવંત પટેલ નામના શ્રમજીવી યુવાનને દોરી નજરમાં ન આવતા દોરી ગળામાં ખૂંપી ગઈ હતી. જેને પગલે ગળુ કપાવાથી બળવંત પટેલનું ઢળી પડ્યા હતા અને સારવાર મળે તે પહેલા જ તેનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું.

## રાજકોટમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તાનું મનપા દ્વારા સઘન ચેકિંગ

# ખજુર અને નમકીનના કુલ ૧૮ કિગ્રા જેટલા જથ્થાનો સ્થળ પર નાશ કરાયો

## સિંગતેલ, કપાસિયા તેલ, કેક અને ચાના નમુના લેવાયા




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં ખાણી-પીણી અને પાન-ઠંડાપીણાના ૨૧ ધંધાર્થીઓને ત્યાં ગુણવત્તા ચકાસણી કરવામાં આવી હતી. એક સ્થળેથી ખજુર અને પેક નમકીનના પેકિંગ પર ઉત્પાદનની વિગતો દર્શાવી ન હોવાથી ૧૮ કિગ્રા જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. ૮ જેટલી પેઢીઓને લાયસન્સ માટે નોટીસ આપવામાં આવી હતી.

ફૂડ વિભાગની ટીમો દ્વારા વૈશાલીનગર, રેલવેના પાટા સામે રૈયા રોડ પર શ્રધ્ધા પ્રોવિઝનમાં ચેકિંગ દરમ્યાન ઉત્પાદનની વિગત વગરના ૮ કિગ્રા ખજુર અને ૧૦ કિગ્રા પેક નમકીનના જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. આ પેઢીને હાઈજીનીક કંડીશન જાળવવા તથા લાયસન્સ મેળવવા નોટીસ અપાઈ હતી.

તમાકુનું વેચાણ કરતા કેટલાક ધંધાર્થીઓને ત્યાં સ્થળ પર ૧૮ વર્ષથી નીચેની વ્યકિતને તમાકુનું વેચાણ પ્રતિબંધિત હોય તે લખાણનું બોર્ડ લગાવવા સુચના આપવામાં આવી હતી. શ્રધ્ધા પ્રોવિઝનમાંથી વાઘબકરી ચા, કોઠારિયા રોડ પર સિલ્વર બેકરીમાંથી વેનીલા કસાટા કેક, હરિકૃષ્ણ બેકરી કૃષ્ણનગર મેઈન રોડમાંથી બ્લેક ફોરેસ્ટ કેક, ઓમનગર સર્કલ રીંગરોડ પર ગુરૂકૃપામાંથી કૃપા ડબલ ફિલ્ટરડ સિંગતેલ તેમજ ઓમનગર સર્કલ પાસે શ્રેષ્ઠ પ્રીમીયમ રીફાઈન્ડ કપાસિયા તેલના નમુના લઈને ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા.(૨.૧૨)

# ચાંદીમાં તોફાની તેજી, ભાવ ૭૧ હજારની સપાટીને પાર

## બે દિવસમાં કિલોએ રૂ.૧૫૦૦ વધ્યા



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૩

ચાંદીમાં છેલ્લા બે દિવસમાં પ્રતિકિલોએ રૂ.૧૫૦૦ વધી જતા ઘર આંગણે રૂ.૭૧,૫૦૦ સુધીનો ભાવ બોલાયો છે. સોનાની સ્પોટ માર્કેટમાં ગત સપ્તાહે લોઅર લેવલ પર ૧૭૬૫ ડોલર અને હાયર લેવલ પર ૧૮૧૭ ડોલરની આગાહી કરવામા આવી હતી જેની સામે હાલ ૧૮૪૨ ડોલરના ભાવ જોવા મળી રહ્યા હતા.

બુલિયન માર્કેટના સૂત્રોએ જણાવ્યું હતું કે, બુલિયન ધાતુઓમાં આંતરરાષ્ટ્રીય બજારોમાં સતત વધી રહેલા ભાવને પગલે ઘરઆંગણે સોના-ચાંદીના ભાવમાં તેજીની રૂખ જોવા મળી રહી છે. રાજકોટમાં ગઈકાલે ચાંદી ચોરસા પ્રતિ એક કિલોના રૂા. ૭૦,૩૦૦ના ભાવ બોલાયા હતા. જે આજે બજાર ખુલતા જ ૭૧,૫૦૦ની સપાટીએ અથડાઈ ગયા હતા. વૈશ્વિક માર્કેટમાં સોનુ એવરેજ ૧૪ ટકા અને ચાંદી એવરેજ ૧૦ ટકા ૨૦૨૨માં વધી છે. અમેરિકા, યુરોપિયન દેશો અને બ્રિટન સહિત અનેક દેશોમાં ફૂગાવો વિક્રમી સ્તરે પહોંચતા તેમજ લાંબા સમયથી ચાલી રહેલા રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધના કારણે ફેલાયેલા ગભરાટ વચ્ચે સોના-ચાંદીની માંગ સતત વધી રહી છે. અને ભાવ પણ સતત ઉછળી રહ્યા છે. રાજકોટમાં સોનું ૨૨ કેરેટ પ્રતિ ૧૦ ગ્રામ ૫૭,૩૮૮ના ભાવ ક્વોટ થઈ રહ્યા હતા.(૯)




# રેલવેને પેસેન્જર ભાડાથી કમાણીમાં ૭૧ ટકાનો વધારો

## એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન મુસાફરોના ભાડામાંથી અંદાજિત કુલ ૪૮૯૧૩ કરોડની કમાણી કરી



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૩

ભારતીય રેલ્વેએ પ્રારંભિક ધોરણે એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન મુસાફરોના ભાડામાંથી અંદાજિત કુલ ૪૮૯૧૩ કરોડ રૂપિયાની કમાણી કરી છે. જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૭૧ ટકાનો વધારો દર્શાવે છે. જણાવી દઈએ કે ગયા વર્ષે આ જ સમયગાળામાં તેણે ૨૮૫૬૯ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

૧ એપ્રિલથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ના સમયગાળા દરમિયાન બુક કરાયેલા મુસાફરોની કુલ અંદાજિત સંખ્યા ૫૯.૬૧ કરોડ છે જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૫૬.૦૫ કરોડ હતી, જેમાં ૬ ટકાનો વધારો નોંધાયો હતો. તે જ સમયે, ૧ એપ્રિલથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ના સમયગાળા દરમિયાન આરક્ષિત પેસેન્જર સેગમેન્ટમાંથી જનરેટ થયેલી આવક, ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન રૂ.૨૬૪૦૦ કરોડની સરખામણીએ રૂ.૩૮૪૮૩ કરોડ રહી છે, જે ૪૬ ટકાનો વધારો દર્શાવે છે.

અનરિઝર્વ્ડ પેસેન્જર સેગમેન્ટમાં, ૧ એપ્રિલથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન બુક કરાયેલા મુસાફરોની કુલ અંદાજિત સંખ્યા ૪૦૧૯૭ લાખ છે જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૧૬૯૬૮ લાખ હતી, જે ૧૩૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ૧લી એપ્રિલથી ૩૧મી ડિસેમ્બર ૨૦૨૨ના સમયગાળા દરમિયાન અનરિઝર્વ્ડ પેસેન્જર સેગમેન્ટમાંથી જનરેટ થયેલી આવક ૧૦૪૩૦ કરોડ રૂપિયા છે જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૨૧૬૯ કરોડ રૂપિયા હતી, જે ૩૮૧ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# માઉન્ટ આબુ હિલ સ્ટેશનમાં માઇનસ ૧ ડિગ્રી



માઉન્ટ આબુ: હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં ઠંડીનો પારો ગગડીને માઇન્સ ૧ પર પહોંચ્યો છે. સવારે ચારેબાજુ બરફની ચાદર છવાઈ જાય છે. કારની છત હોય કે મેદાનો ચારેબાજુ બરફ જામી જાય છે. હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં જોરદાર ઠંડી પડી રહી છે. સતત શીત લહેરને લીધે પ્રવાસીઓને પણ આ કડકડતી ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે.

# ગુજરાતના ખેડૂતોને કડકડતી ઠંડીમાં રાત્રે ખેતરે જવું નહીં પડે

## દિવસે વીજળી આપવાની તૈયારીઓ શરૂ કરતી રાજય સરકાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

ગુજરાતમાં નવા વર્ષના પ્રારંભે જ ખેડૂતો માટે ખુશાલીના સમાચાર આવ્યા છે. શિયાળામાં ખેડૂતોને ખેતી કામ માટે ઠંડીમાં રાત્રે ખેતરે જવું નહીં પડે. કેમકે ખેતીની શિયાળુ સિઝનમાં દિવસે વીજળી આપવાની તૈયારીઓ રાજ્ય સરકારે શરૂ કરી દીધી છે. એટલે ઠંડીમાં રાતની કામગીરી હવે ઈતિહાસ બની જશે અને ખેડૂતોની સમસ્યાનો અંત આવશે.

કૃષિમંત્રી રાઘવજી પટેલે મહત્વની જાહેરાત કરી હતી કે, કિસાનોને રવિ સિઝનમાં દિવસે વીજળી આપવાનું પ્રથમ તબક્કાનું કામ પૂરું થઇ ગયું છે. પ્રથમ તબક્કામાં જંગલ વિસ્તારમાં ખેતી કરતા ખેડૂતોને લાભ મળતો થશે. વન વિસ્તારમાં જંગલી પશુઓનો વધુ ત્રાસ હોય છે અને બીક હોય છે. ૩ તબક્કામાં દિવસે વીજળી આપવાનું કામ શરૂ કરવામાં આવનાર છે. રાજ્યમાં અનેક જિલ્લાઓના ખેડૂતોને દિવસે વીજળી મળતી ન હોવાથી પિયત કરવા માટે રાત્રે જ ખેતરમાં જવું પડે છે. હાડ થીજાવતી ઠંડીમાં પિયતનું કામ જોખમી અને મુશ્કેલ બની રહે છે છતાં ખેડૂતો જીવના જોખમે પણ રાત્રે ખેતીકામ કરતા રહ્યા છે. હવે એમની આ સમસ્યાનો અંત આવી જશે.(૨.૧૨)

**પહેલા તબક્કાનું મહત્વનું કામ પૂરું થયું છેઃ કૃષિમંત્રી રાઘવજી પટેલની મહત્વની જાહેરાત**

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti


# ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠક ન જીતી શકવાનો પાટીલને વસવસો



## ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીઓમાં સંગઠન વધુ મજબુત બનાવવાનો ભાજપના પ્રદેશ અધ્યક્ષનો આદેશ

## ઓછા અંતરથી ૧૭ બેઠકો હારી ગયાનો પ્રદેશ વડાને ખૂબ જ અફસોસ

(એજન્સી સમાચાર)
ગાંધીનગર, તા.૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં વિક્રમ સર્જક ઐતિહાસિક વિજય મેળવ્યા છતાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલને પૂર્ણ સંતોષ થયો નથી અને ૧૮૨ બેઠકો જીતી ન શકવાનો અફસોસ વ્યક્ત કર્યો છે. પાટીલે ગત ચૂંટણીઓમાં ઓછા અંતરથી ૧૭ બેઠકો હારી જવાના મામલે વસવસો દર્શાવ્યો છે અને ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીઓ માટે ભાજપની સૌથી મોટી ડેટાબેંકનો ઉપયોગ કરવા અને સંગઠનને વધુ મજબુત કરવા પક્ષને સલાહ આપી હતી.

ગાંધીનગર ખાતે ગઈકાલે પાટીલની અધ્યક્ષતામાં ભાજપની ખાસ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બોલતા પાટીલે જણાવ્યું હતું કે, ભાજપ પાસે સૌથી મોટી ડેટાબેંક છે. નેતાગીરી આ ડેટાબેંકનો ઉપયોગ કરવો જોઈએ. ગુજરાતમાં ભાજપના ૭૩ લાખ સક્રિય સભ્યોને કારણે ભવ્ય વિજય મળ્યો છે. બીજીતરફ ઓછા અંતરથી હારેલી ૧૭ બેઠકો અંગે પણ તેમણે વસવસો વ્યક્ત કર્યો હતો અને તમામ ૧૮૨ બેઠકો જીતી ન શક્યા તેનો દુઃખ પણ વ્યક્ત કર્યો.

પાટીલે જણાવ્યું હતું કે, રાજ્યમાં જ્યાં આમ આદમી પાર્ટીનું ખાતું ખુલ્યું ત્યાં થોડી મહેનત વધુ કરી હોત તો તે પાર્ટીનું ખાતું જ ખુલ્યું ન હોત. ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીઓને ધ્યાનમાં લઇ સંગઠન વધુ મજબુત કરવા પાટીલે હાંકલ કરી હતી. તેમણે સૂચક વિધાન કર્યું હતું કે હું હોય કે ન હોય પણ મારી વાત ભૂલતા નહીં.(૨.૧૨)

### પ્રદેશ ભાજપ દ્વારા શિસ્ત સમિતિની રચના, વલ્લભ કાકડિયા ચેરમેન

રાજકોટ: ભાજપની ભવ્ય જીત બાદ ગાંધીનગર કમલમ ખાતે યોજાયેલી ચૂંટણી પછીની ભાજપની પહેલી કારોબારી બેઠકમાં ભાજપના પ્રદેશ વડા સી.આર.પાટીલે સક્રિય સભ્યોને કાયમ સાચવી રાખવા નેતાગીરીને તાકીદ કરી હતી. બેઠકમાં ભાજપ દ્વારા શિસ્ત સમિતિની નિમણૂંક કરવામાં આવી છે. વલ્લભ કાકડિયાને સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ઉપરાંત બીપીન દવે, મણીલાલ પરમાર, જયશ્રીબેન પટેલ, રામસિંહ રાઠવા, અજય ચોકસી અને તખ્તસિંહ હડીયોલની સભ્યો તરીકે નિમણૂંક કરવામાં આવી છે.(૨.૧૨)

# ૨૦૨૨ને વિદાય આપી સરગમ પરિવારે ૨૦૨૩ને કર્યું સંગીતભર્યું વેલકમ






(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

૨૦૨૨ના વર્ષે વિદાય લઈ લીધી છે અને ૨૦૨૩ નું નવું વર્ષ શરૂ થઈ ગયું છે ત્યારે ૩૧મી ડિસેમ્બરની રાત્રે સરગમ પરિવારે પણ અનોખા અંદાજમાં વીતી રહેલા વર્ષને વિદાય આપી હતી અને નવા વર્ષને આવકાર આપ્યો હતો.

હેમુગઢવી હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મ્યુઝિકલ મેલોઝના રાજુભાઈ ત્રિવેદી પ્રસ્તુત સંગીત સંધ્યાએ જમાવટ કરી દીધી હતી. જાણીતા સિંગરો સોનલ ગઢવી, શ્રીકાંત નાયર, કાજલ કથરેચા વગેરે જુના નવા ગીતો રજૂ કર્યા હતા અને રાત્રે ૧૨ વાગ્યે સૌએ ૨૦૨૩ને વેલકમ કરતા ગીત પણ ગાયા હતા.

આ કાર્યક્રમમાં મોલેશભાઇ પટેલ, યોગેશભાઇ પુજારા, ગોપાલભાઇ સાપરીયા, હરેશભાઈ લાખાણી, પ્રતાપભાઇ પટેલ, કરશનભાઇ આદરોજા, અશોકભાઇ વૈષનાની, ડો. બ્રિજેશભાઈ સોની, મનુભાઇ માંડલીયા( દુબઇ), અમેરિકા નિવાસી ડો રાજેષભાઇ પટેલ, ભગવાનજીભાઇ પટેલ, અનીલભાઇ પાટલીયા વગેરેએ ખાસ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ સૌને આવકાર્યા હતા અને નવા વર્ષની શુભેચ્છા આપી હતી.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે અલ્કાબેન કામદાર, ગીતાબેન હિરાણી, જયશ્રીબેન મહેતા, છાયાબેન દવે, હેતલબેન રાજ્યગુરૂ, અલ્કાબેન ધામેલીયા, વૈશાલીબેન શાહ, ભરતભાઈ સોલંકી, સુરેશભાઈ દ્રેત્રોજા, કનૈયાલાલ જગેરા, જયસુખભાઈ ડાભી, હરેશભાઈ છોટાલા તેમજ બને કલબના કમિટી મેમ્બર જહેમત ઉઠાવી.

### એક અકેલા થક જાયે તો, મિલકર હાથ બઢાના, સાથી હાથ બઢાના...

# રાજકોટ લેઉવા પટેલ યુવા સમાજનો નવતર પ્રયોગ : 'ચિંતા બેન્ક' થકી અપાશે ધરપત

## સૌરાષ્ટ્રના દરેક તાલુકામાં એક બોક્સ મુકાશે તેમાં સમાજના લોકો પોતાની ચિંતા સમાજને કહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

સૌરાષ્ટ્રના રાજકોટ લેઉવા પટેલ યુવા સમાજે સમાજને ચિંતા મુક્ત કરવા એક નવતર પ્રયોગ હાથ ધર્યો છે. આ માટે સૌરાષ્ટ્રના દરેક તાલુકાઓમાં એક લોખંડની પેટી મૂકી 'ચિંતા બેન્ક' થકી સમાજના લોકોને પોતાની જે કઈ સમસ્યા કે ચિંતા હોય તે આ બોક્સમાં નાંખવાનું કહેવાશે અને આ બોક્સમાં આવેલ લોકોની ચિંતાઓ દૂર કરવા આ સમાજના આગેવાનો પૂરતો પ્રયત્ન કરી આવા પરિવારોને સધિયારો ધરપત આપવાનું કાર્ય હાથ ધરાશે તેમ જાણવા મળી રહ્યું છે.

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ યુવા સમાજ, રાજકોટ દ્વારા નવતર પ્રયોગ કરાયો છે. સમાજના અઢારેય વર્ણના સમાજના દરેક પરિવારોની ચિંતાને ધ્યાનમાં લઇ ચિંતા બેન્કનો પ્રારંભ કરવાનો નવતર પ્રયોગ તાલુકે તાલુકે અમલી કરવા આયોજન કરાયું છે અને તેમાં દરેક પ્રકારની ચિંતાનો ટૂંકા સમયગાળામાં ઉકેલ આવે તેવા પ્રયાસો હાથ ધરવા આયોજન કરાયું છે. સંસ્થાના પ્રમુખ વિનોદભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ યુવા સમાજની નવી ઓફિસનો તા.૮મી જાન્યુઆરીથી આર.કે.એમ્પાયર ખાતે પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે આજના સમયમાં ચિંતા લોકો માટે ચિત્તા સમાન બની રહી હોય કોઇપણ જ્ઞાતિ સમાજના લોકો હોય તેના પ્રશ્નોના નિરાકરણ માટે દરેક તાલુકામાં 'ચિંતા બેન્ક' ખોલવા આયોજન હાથ ધરાયું છે.

સમાજના લોકોને પોતાની કોઈ અંગત સમસ્યા હોય કે પછી પોલીસને લગતી સમસ્યા હોય તેનો તુરંત ઉકેલ લાવવા પ્રયાસ કરાશે. સાંસદ કે ધારાસભ્યને કોઇ પ્રશ્નની રજૂઆત કરવાની હોય કે ભલામણ કરવાની હોય તો તે પણ કરવામાં આવશે. માત્ર એક છુટ્ટાછેડાની સામાજિક સમસ્યામાં તાકીંદે ઉકેલ શકય નથી.જેના માટે દરેક તાલુકામાં સમાજ સેવા કરવા માગતા વેપારીઓ અથવા વ્યવસાયીઓને ત્યાં લોંખડની એક બેન્ક મુકવામાં આવશે.જેમાં કોઇપણ વ્યક્તિ પોતાની ચિંતા લખીને મુકી જઇ શકશે. જેમાં ફીનો પ્રશ્ન હોય કે પછી મેડીકલને લગતી સમસ્યા કોઈપણ સમસ્યા હોય તો તેમાં સમાજના આગેવાનો આવા પરિવારોને સાથ સહકાર આપશે.

સમાજમાં વ્યસન મુકિત અભિયાન પણ ચાલી રહ્યું છે.વ્યસન છોડનાર ૫૦૦ લોકો આ સંસ્થાના દાતા બન્યા છે. સંસ્થાએ સૌથી મોટુ કામ વ્યસન છોડાવવાનું કર્યું છે અને આ વ્યસન છોડનારા ૫૦૦ જેટલા લોકોએ પોતાના વ્યસનના ખર્ચની રકમ દર મહિને સંસ્થામાં આપે છે અને તેમાં જરૂરિયાતમંદોની જરૂરિયાત પુરી કરવામાં આવે છે. સંસ્થા કોઇપાસેથી દાન પણ લેતું નથી અને તેની પહોંચ પણ છાપવામાં આવી નથી તેમ પ્રમુખે જણાવ્યું હતું. 'તું જ તારો ભાગ્યવિધાતા' વિષયે સવજી ધોળકીયાનું વક્તવ્ય યોજાશે. ઓફિસના ઉદઘાટન સાથે સુરતના અગ્રગણ્ય ઉદ્યોગપતિ સવજીભાઇ ધોળકીયાનું વકતવ્ય રાખવામાં આવ્યું છે જેમાં સવજીભાઇ યુવાનોનો મોટીવેટ કરવા 'તું જ તારો ભાગ્યવિધાતા' વિષય પર વકતવ્ય આપશે તેમ સમાજના આગેવાનોએ જણાવ્યું હતું.

# ગુજકેટની પરીક્ષાના ફોર્મ ૨૦ જાન્યુઆરી સુધી ભરી શકાશે

## ડિગ્રી એન્જિનિયરિંગ, ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ પરીક્ષા લેવાશે




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

ધોરણ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપવાની હોય છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આ વર્ષે લેવાનાર ગુજકેટની પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ જાહેર કરવામાં આવી છે. ગુજકેટની પરીક્ષા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ ડિગ્રી ડિપ્લોમા, ડિગ્રી એન્જિનિયરિંગ અને ફાર્મસીના પ્રવેશ માટે લેવામાં આવે છે.

૬થી ૨૦ જાન્યુઆરી દરમિયાન ગુજકેટની પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરી શકાશે. ધોરણ ૧૨ પછી વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ લેવા માટે વર્ષ ૨૦૧૭થી કોમન એન્ટ્રેસ ટેસ્ટ તરીકે ગુજકેટ પરીક્ષા ફરજીયાત કરવામાં આવી છે. જેથી આ વર્ષે રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી ડિપ્લોમા ફાર્મસી અભ્યાસ ક્રમોમાં પ્રવેશ માટે વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ-એ, ગ્રુપ-બી અને ગ્રુપ એ, બીના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા આપતા હોય છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા એન્જિનિયરિંગ, ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા A, B અને AB ગ્રુપના HSC વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૨૩ની પરીક્ષા માટેની માહિતી પુસ્તિકા અને ઓનલાઈન આવેદનપત્ર ભરવાની સૂચનાઓ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર મૂકવામાં આવશે. ગુજકેટ-૨૦૨૩ની પરીક્ષાનું આવેદનપત્ર બોર્ડની વેબસાઈટ www.gseb.org તથા gujcet.gseb.org પરથી તા.૬થી ૨૦ જાન્યુઆરી દરમિયાન ઓનલાઈન ભરી શકાશે.

ગુજકેટની પરીક્ષા ફી રૂ.૩૫૦ ઓનલાઈન અથવા 'એસબીઆઈ બ્રાંચ પેમેન્ટ' ઓપ્શન દ્વારા દેશની કોઈપણ બ્રાંચમાં ભરી શકાશે. જેની શાળાના આચાર્યો/વાલીઓએ તથા વિદ્યાર્થીઓએ નોંધ લેવા શિક્ષણ બોર્ડના નાયબ નિયામક બી.એમ.સોલંકીએ પરિપત્ર જાહેર કર્યો છે. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ લેવા માટે ગુજકેટની પરીક્ષા આપતા હોય છે. રાજ્યના શિક્ષણ વિભાગે આગામી ૨૦મી જાન્યુઆરી સુધી ગુજકેટની પરીક્ષાના ફોર્મ ભરવા પરિપત્ર કર્યો છે.

### આર.એસ.શાહ આયુર્વેદ હોસ્પિટલ દ્વારા

# આણંદપરની શાળામાં મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

આણંદપર સ્થિત વી. એમ. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ સંલગ્ન આર. એસ. શાહ આયુર્વેદ હોસ્પિટલ દ્વારા તાજેતરમાં કાલાવડ તાલુકાના આણંદપર ગામની કુમાર શાળા અને કન્યા શાળાના ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૦૦ વિદ્યાર્થીઓ તથા ૧૧૭ વિદ્યાર્થીનીઓની નિઃશુલ્ક તપાસ કરી વિવિધ રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું.

આ મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં સ્વ. આર. એસ. શાહ આયુર્વેદ હોસ્પિટલના બાળરોગ વિભાગના ડો. સલીમ ગોહિલ તથા ડો. ધારા ડેલિવાલા, તેમજ ડો. ડી. પી. મહેતા, ડો. રશ્મિ ડેડાણીયા, ડો. હિમાની જેસડિયા તથા ઇન્ટરન ડોક્ટરો દ્વારા વિદ્યાર્થીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવેલ હતું. કેમ્પમાં પ્રિન્સિપાલ ડો. જી. ડી. ગોહિલ અને આર. એમ. ઓ. ડો. હેમાંશુ જોશીએ રૂબરૂ મુલાકાત લઈને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ કેમ્પમાં દમ, આંખના રોગો, શરદી, ઉધરસ, નાકના મસા, પેટનો દુખાવો, દાંતનો દુખાવો વગેરે રોગોથી ગ્રસ્ત બાળકોને વિશેષ સારવાર માટે તેમના વાલીઓ સાથે સંપર્ક કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને તેના વાલીઓ સાથે સ્વ. આર. એસ. શાહ આયુર્વેદ હોસ્પિટલ, આણંદપર ખાતે સારવાર માટે આવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કુમાર શાળા તેમજ કન્યા શાળાના પ્રિન્સિપાલ તેમજ શિક્ષકો તરફથી જરૂરી સહકાર મળ્યો હતો.

મેડિકલ હેલ્થ કેમ્પ દ્વારા આણંદપરની શાળાના વિદ્યાર્થીઓના હેલ્થ ચેકઅપ બદલ વી. એમ. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ કોલેજના આચાર્ય ડો. ગિરિરાજસિંહ ગોહિલ, ગાર્ડી વિદ્યાપીઠના ચેરમેન ડી.વી.મહેતા, વાઈસ ચેરમેન કિરણભાઈ શાહ તથા મેનેજિંગ ડિરેક્ટર જય મહેતા એ સેવા આપેલ તમામ તબીબોને અભિનંદન પાઠવ્યા હતા.

### ૧૨૦ બોટલ દારૂ સાથે બે ઝડપાયા

રાજકોટ : શહેરમાં દારૂ જુગારના કેસો કરવાની સુચના અન્વયે ભક્તિનગર પોલીસ મથકના વિશાલભાઈ દવે સહિતના સ્ટાફે બાતમી આધારે કેવડાવાડી મેઈન રોડ ઉપર સવારે વોચ ગોઠવી રીક્ષા અટકાવી જડતી લેતા ૬૦ હજારનો ૧૨૦ બોટલ દારૂ મળીઆવતા સલીમ ઇકબાલ પરમાર અને સલમાન નનકે શાહમદારની ધરપકડ કરી રીક્ષા, દારૂ સહિત ૧.૨૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે.

### જુગાર રમાડ્તા 3 ઝડપાયા

રાજકોટ: શહેરના જંગલેશ્વરમાં અગાઉ નામચીન મહિલા સંચાલીત જુગાર કલબ ઉપર ક્રાઈમ બ્રાંચે દરોડો પાડ્યો હતો દરમ્યાન આજે ભક્તિનગર પોલીસે વર્લી મટકાના આંકડા લખી જુગાર રમાડતા રાજેશ મોહનભાઈ અઢીયા, સમસાદ હુશેનભાઈ શેખ અને અશ્વિન ભૂદરજી રાણપરાને ઝડપી લઇ અબ્બાસ અને નામચીન મહિલા રમાબેન ઉર્ફે રહેમત જાવીદભાઈ સંધીની શોધખોળ હાથ ધરી છે.

# વોર્ડ નં. ૧૮માં ચાલી રહેલી કામગીરીની સ્થળ મુલાકાત લેતા મ્યુનિ.કમિશનર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અવિરત કામગીરી કરવામાં આવી રહી છે. પ્રગતિમાં રહેલ વિવિધ વિકાસલક્ષી કામગીરી ઝડપી અને સમયસર પૂર્ણ થાય તે માટે મ્યુનિ. કમિશનર અમિત અરોરા દ્વારા સતત સ્થળ મુલાકાત કરવામાં આવે છે, જે અંતર્ગત આજેવોર્ડ નં. ૧૮માં કોઠારીયા રોડ પર નવા બની રહેલ ગાર્બેઝ સ્ટેશન, સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC), વાંચનાલયની વિઝિટ કરી હતી. વોર્ડ નં. ૧૮ની વોર્ડ ઓફિસમાં ટેક્સ, બાંધકામ, ડ્રેનેજ, વોટર વર્કસ, સ્કુલ, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, લાઈબ્રેરી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને ટાઉન પ્લાનિંગ વગેરે સંબંધી મુદ્દાઓની સમીક્ષા કરી હતી.

વોર્ડ નં. ૧૮માં ચાલી રહેલી કામગીરી ઝડપી અને સમયસર પૂર્ણ કરવા મ્યુનિ. કમિશનરએ સંબંધિત અધિકારીને સુચના આપી હતી.

ત્યારબાદ વિદ્યાર્થીઓ અને વાંચનપ્રિય નાગરિકો માટે કોઠારીયા રોડ પર બની રહેલ વાંચનાલયમાં 25*25નો એક મોટો રૂમ, ટોઇલેટ બ્લોક વગેરેનું રીનોવેશનનું કામ પુર્ણ થયેલ છે.

આજની મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનર અમિત અરોરા સાથે નાયબ મ્યુનિ. કમિશનર આશિષકુમાર સહિતના હાજર રહ્યા હતા.

# નવા સત્રથી રાજકોટ જિલ્લામાં ૨૧ નવી ખાનગી પ્રાથમિક શાળાઓ ધમધમશે



## જિલ્લા શિક્ષણ અધિકારીએ ૨૪ શાળામાં વર્ગ વધારાને આપી મંજૂરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

રાજકોટ જિલ્લામાં નવા સત્રથી ૨૧ નવી ખાનગી પ્રાથમિક શાળાઓને શિક્ષણ વિભાગ દ્વારા મંજૂરી મળતાં ધમધમી ઉઠશે. જિલ્લા શિક્ષણ વિભાગમાં આવેલી ૨૦ જેટલી નવી શાળાની અરજી રીજેક્ટ કરાઈ હતી તો ૧૨ જેટલી શાળાઓને વર્ગ વધારાની અરજી પણ નામંજૂર કરાઈ હતી.જિલ્લા શિક્ષણ અધિકારીએ ૨૪ શાળામાં વર્ગ વધારાને આપી મંજૂરી આપી હોવાનું જાણવાં મળે છે.

રાજકોટ જિલ્લામાં નવા શૈક્ષણિક સત્રથી ૨૧ નવી ખાનગી પ્રાથમિક શાળાઓ શરુ થશે. જયારે ૨૪ શાળાએ માંગેલો વર્ગ વધારો મંજૂર થયો છે. જોકે ૨૦ નવી શાળાની તો ૧૨ શાળાએ માંગેલો વર્ગ વધારો જિલ્લા શિક્ષણ અધિકારીએ નામંજૂર કર્યો છે.

ડી.ઈ.ઓ. બી.એસ. કૈલાના જણાવ્યા પ્રમાણે, રાજકોટ શહેર હેઠળની સ્વામીનારાયણ, હેતલ, તપન, સર્વોદય ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ, મોદી સ્વામીનારાયણ વિદ્યાપીઠ, જેતપુરમાં આવિષ્કાર યુનિવર્સલ, ખિયાના, પડધરીમાં સૈનિક સ્કૂલ, એસ.ઓ.એસ.અને ઉમા જ્ઞાનયજ્ઞ, વિંછીયામાં ઓમકાર અને સુલતાનપુરમાં એકલવ્ય વિદ્યાસંકુલ એમ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી અપાઈ છે તો ભૂષણ અંગ્રેજી માધ્યમ શાળા ઉપરાંત ઉપલેટા મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ હેઠળ બી.જે.એમ. પ્રાથમિક શાળાને મંજૂરી અપાઈ છે. જયારે જિલ્લામાં રાજકોટ ગ્રામ્યમાં નીલરાજ, ગોંડલમાં બી.એ.પી.એસ., ધોળકિયા, જય સરદાર, ઓરો, ધોરાજીમાં પણ મંજૂરી અપાઈ હોવાનું જાણવા મળે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧૦ ગુજરાતી અને ૧૦ અંગ્રેજી માધ્યમની શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. પ્રાથમિક શાળાઓને મંજૂરી સ્થાનિક જિલ્લા શિક્ષણ અધિકારી આપતા હોય છે ત્યારે તાજેતરમાં થયેલા હિયરીંગ બાદ રાજકોટ જિલ્લામાં ૨૦ શાળાને અપાયેલી મજૂરીમાં ૧૦ ગુજરાતી તો ૧૦ અંગ્રેજી માધ્યમની નવી શાળાઓનો સમાવેશ થાય છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

Web: www.saurashtrakranti.com
saurashtrakranti



# ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓ ૧૪ માર્ચથી શરૂ થશે



## ધો.૧૦ ની પરીક્ષાઓ ૨૮ માર્ચે પૂર્ણ થશે, બે પેપર વચ્ચે રજા રહેશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**રાજકોટ, તા.૩: રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો છે તેમાં જણાવ્યા અનુસાર ધો.૧૦ ની પરીક્ષાઓ ૨૮ માર્ચે પૂર્ણ થશે અને બે પેપર વચ્ચે રજા રહેશે. ધો.૧૨ ની ૧૪ માર્ચથી શરૂ થનાર પરીક્ષાઓ ૨૫ માર્ચે સાયન્સની અને ૨૯ માર્ચે કોમર્સની પરીક્ષાઓ પૂર્ણ થશે. ગુજરાત માધ્યમિક અને ઉચચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ ધો-૧૦ અને ૧૨ ની તમામ પરીક્ષાઓ ૧૪ માર્ચથી શરૂ થશે. જેમાં સૌપ્રથમ ધો-૧૨ સાયન્સની પરીક્ષાઓ ૨૫ માર્ચના રોજ પૂર્ણ થશે. ત્યારબાદ ધો- ૧૦ ની પરીક્ષાઓ ૨૮ માર્ચના રોજ પૂર્ણ થશે. ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ ૨૯ માર્ચના રોજ પૂર્ણ થશે. આમ, શિક્ષણ બોર્ડની તમામ પરીક્ષાઓ ૨૯ માર્ચના રોજ પૂર્ણ થશે. બોર્ડ દ્વારા બે પેપરની વચ્ચે વિદ્યાર્થીઓને તૈયારીનો સમય મળી રહે તે માટે રજા રાખી છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

### ધો-૧૨ સાયન્સનો કાર્યક્રમ

| તારીખ | વિષય |
|---|---|
| ૧૪ માર્ચ | ભૌતિક વિજ્ઞાન |
| ૧૬ માર્ચ | રસાયણ વિજ્ઞાન |
| ૧૮ માર્ચ | જીવ વિજ્ઞાન |
| ૨૦ માર્ચ | ગણિત |
| ૨૩ માર્ચ | અંગ્રેજી |
| ૨૫ માર્ચ | ભાષા, કમ્પ્યુટર એજ્યુકેશન |

### ધો-૧૦ની પરીક્ષાનો કાર્યક્રમ

| તારીખ | વિષય |
|---|---|
| ૧૪ માર્ચ | પ્રથમ ભાષા |
| ૧૬ માર્ચ | સ્ટાન્ડર્ડ ગણિત |
| ૧૭ માર્ચ | બેઝિક ગણિત |
| ૨૦ માર્ચ | વિજ્ઞાન |
| ૨૩ માર્ચ | સામાજિક વિજ્ઞાન |
| ૨૫ માર્ચ | અંગ્રેજી (દ્વિતીય ભાષા) |
| ૨૭ માર્ચ | ગુજરાતી (દ્વીતીય ભાષા) |
| ૨૮ માર્ચ | દ્વિતીય ભાષા |

**ધો.૧૨ ની ૧૪ માર્ચથી શરૂ થનાર પરીક્ષાઓ ૨૫ માર્ચે સાયન્સ, ૨૯ માર્ચે કોમર્સની પૂર્ણ**

### ધો-૧૨ સામાન્ય પ્રવાહનો કાર્યક્રમ

| તારીખ | વિષય |
|---|---|
| ૧૪ માર્ચ | નામાના મુળ તત્વો |
| ૧૫ માર્ચ | તત્વજ્ઞાન |
| ૧૬ માર્ચ | ઈતિહાસ, આંકડાશાસ્ત્ર |
| ૧૭ માર્ચ | અર્થશાસ્ત્ર |
| ૧૮ માર્ચ | ભૂગોળ, સેક્રેટરીયલ પ્રેક્ટિસ |
| ૨૦ માર્ચ | સા. વિજ્ઞાન, વાણીજ્ય વ્યવસ્થા |
| ૨૧ માર્ચ | ગુજરાતી, અંગ્રેજી |
| ૨૩ માર્ચ | મનોવિજ્ઞાન |
| ૨૪ માર્ચ | પ્રથમ ભાષા |
| ૨૫ માર્ચ | હિન્દી |
| ૨૭ માર્ચ | કમ્પ્યુટર પરિચય |
| ૨૮ માર્ચ | સંસ્કૃત, ફારસી, અરબી, પ્રાકૃત |
| ૨૯ માર્ચ | રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર |

## તંત્રી સ્થાનેથી... Editorial

### યુક્રેન વિનાશને આરે...

યુક્રેનિયન પ્રજા કાતિલ ઠંડીમાં થરથર કંપી રહી છે, કારણ કે બધા રૂમ હીટર બંધ છે. રશિયાએ વિદ્યુત માળખાઓ પર ખતરનાક મિસાઈલો દાગી છે. નવા ડ્રોન હુમલાઓમાં અનેક વધુ નાગરિકોની જાનહાનિ થઈ છે. યુક્રેન અને રશિયા વચ્ચેનો ગજગ્રાહ હવે અનિયત ઓક્ટોપસ જેવો થઈ ગયો છે. એના અનેક છેડા છે અને એના ઘટનાક્રમની ગતિ પણ સીધી રેખા જેવી નથી. મૂળભૂત રીતે આ સંઘર્ષ અમેરિકાના જગત જમાદાર તરીકેના પદ પરના રિપ્લેસમેન્ટનો છે. હવે રશિયાએ પોતાની તાકાતનું આંતરરાષ્ટ્રીય પ્રદર્શન શરૂ કર્યું છે, પરંતુ પુતિન ખુદ પણ અમેરિકાથી ડરી ડરીને આગળ વધી રહ્યા છે. ઉત્તર કોરિયાને મહોરું બનાવીને ચીને અનેકવાર અમેરિકાને પડકાર્યું છે, પણ એનું કોઈ પરિણામ આવ્યું નથી. છતાં આ વખતની રશિયાની ચાલબાજી એક માસ્ટર ગેઈમ છે.

યુક્રેનના વડાપ્રધાન આંખે પાટા બાંધીને સરહદ પર ભટકતા હોય એવું ચિત્ર છે, કારણ કે તેઓ સ્પષ્ટ રીતે જાણતા નથી કે તેમની મદદમાં હવેની અંતઘડીએ કોણ કેવી રીતે આવશે. અમેરિકા સહિતના વિવિધ દેશોએ યુક્રેનને મોકલેલી લશ્કરી કુમક નહીં જેવી અને હાસ્યાસ્પદ નીવડી છ

જે રીતે ચીનની ચાલાકીઓ છાની રહી શકી નથી અને પ્રગટ થઈ જાય છે એ રીતે રશિયા પણ હવે કોઈ અભેદ્ય કવચમાં છુપાઈ રહી શકે એમ નથી. મીડિયા અને સોશિયલ મીડિયાની પહોંચ બહુ વધી ગઈ છે.

યુક્રેનના સંરક્ષણ મંત્રાલય પર હમણાં જે સાયબર હુમલો થયો તે રશિયન સૈન્યની સાયબર વિંગે કર્યો કે રશિયન હેકરોએ કર્યો એ હજુ નક્કી નથી. જેમ કોરોનાએ ચીનની ખંધી રાજનીતિને ખુલ્લી પાડીને એની તમામ હીનતાઓ છતી કરી એ જ રીતે સાયબર ક્રાઈમને કારણે રશિયા વૈશ્વિક કોર્પોરેટ જગતમાં બહુ બદનામ છે. અનેક મલ્ટીનેશનલ કંપનીઓના સર્વર અને બેન્કિંગ સિસ્ટમ હેક કરી દેનારા હેકરો રશિયામાં બેઠા છે. ન તો રશિયન સરકાર એને ઝડપી શકી છે અને ન તો આંતરરાષ્ટ્રીય કાનૂન ત્યાં સુધી પહોંચે છે. લાખો ડોલરમાં કંપનીઓને બ્લેકમેલ કરનારા હેકરો હવે ક્રિપ્ટો કરન્સીમાં નાણાં પડાવતા થયા છે. એક ધારણા એવી પણ છે કે રશિયન જાસૂસો આ હેકરો સાથે જોડાયેલા છે, પરંતુ એ બધી પ્રવૃત્તિઓને કારણે રશિયા સાથેના ટેકનોલોજિકલ સંબંધો તોડી નાંખનારા દેશોની સંખ્યા નાની નથી.

એક તરફ દુનિયાના વિવિધ દેશોના વડાઓ રશિયાને યુદ્ધને જલ્દી સમેટી લેવા માટે મંત્રણાઓ કરી રહ્યા છે.

## સોની પરિવારના આપઘાત કેસમાં વધુ એક આરોપી ઝડપાયો

રાજકોટ: શહેરના ચકચારી સોની પરિવારના સામુહિક આપઘાત કેસમાં પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે. કિર્તીભાઈ ધોળકીયા તેમના પત્ની માધુરીબેન અને પુત્ર ધવલે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં રાજકોટ યુનિવર્સિટી પોલીસ દ્વારા આજ રોજ સલમાન શેખ નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ જ ગુનામાં અગાઉ પકડાયેલ આરોપી ધવલ મૂંધવાએ રાજકોટની સેશન્સ કોર્ટમાં જામીન પર છૂટવા માટે જેલમાંથી રેગ્યુલર જામીન અરજી કરી હતી. જેની સામે ફરિયાદી પક્ષના વકીલ અંશ ભારદ્વાજે વાંધો રજૂ કરી ગંભીર ગુનામાં જામીન ન આપવા લેખિત રજૂઆત કરી હતી. જેને કોર્ટે માન્ય રાખી આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

## ૮૦ હજારની ચોરી કરનાર આરોપીની ધરપકડ

રાજકોટ: હુડકો ક્વાર્ટરમાં રહેતાં જયંતિભાઇ વિઠ્ઠલભાઇ સોનીના મકાનમાં તિજોરીની ચાવી બનાવવા આવેલા બે સરદારજીએ તિજોરીમાં રહેલ ૪ સોનાના પાટલા અને સોનાનું પેન્ડલ મળી રૂ.૮૦ હજારના મુદામાલની ચોરી કરી નાસી ગયા હતાં. આ અંગે ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન ક્રાઇમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી બાતમીના આધારે ઓમકારસિંઘ સેવસિંઘ સિકલીગરને દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પૂછપરછમાં આરોપીએ સોનાના દાગીના ચોરી એક મહિલાને વડોદરા વેચી નાંખી રોકડા રૂપિયા લઈ લીધા હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આરોપી તાળાની ચાવી બનાવવાનો ધંધો કરતો હોય અને અલગ અલગ શહેરમાં ધંધા માટે કોઈ પણ સોસાયટીમાં તાળાની કે તીજોરીની ચાવી બનાવવા માટે ઘરમાં જઈ ઘરમાં હાજર વ્યક્તિની કોઈ પણ કારણ બતાવી તેની નજર ચૂકવી ઘરમાં પડેલ સોના-ચાંદીના દાગીના કે રોકડ રકમની ચોરી કરવાની મોડસ ઓપરેન્ડીથી ચોરી કરતો હતો.

## પિતાએ ઠપકો આપતા વિદ્યાર્થીએ ફિનાઇલ પીધું

રાજકોટ: શહેરના કાલાવડ રોડ પર રહેતાં અને ધો.૧૦માં અભ્યાસ કરતો વિદ્યાર્થી થર્ટી ફર્સ્ટની રાત્રે પાર્ટી જોવા નિકળી ગયો હતો. આ અંગે પિતાએ ઠપકો આપતા પુત્રને માઠુ લાગી આવતાં ફિનાઈલ પી લીધું હતું. વિદ્યાર્થીને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. રાજકોટ શહેર નજીક આવેલા ખારચિયા ગામે રહેતા યુવકે પોતાનો મગજ ભમતા લાખાપર ગામ પાસે ઝેરી દવા પી લીધી હતી. યુવકને બેશુદ્ધ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## -: શ્રધ્ધાંજલિ :-



મુળ ગામ ધુનાનાગામ અને હાલ જામનગર ના સ્વ. શકિતદાન કરણીદાન ઈશરાણી (ઉ.વ.૭૫) વર્ષે ગઇકાલ તા.૨ ના રોજ અવસાન થયેલ છે. તેમની અંતિમ વિધિ જામનગર ખાતે પુર્ણ થયેલ છે.

સ્વ. શકિતદાન કરણીદાન ઈશરાણીના સુવાળા તા. ૬ ને શુક્રવારે તેમજ રાત્રે સંતવાણી અને તા.૭ ને શનિવારના રોજ તેમની ઉતરક્રિયા તેમના વતન ધુનાના ગામ તા. પડધરી જી. રાજકોટ ખાતે રાખેલ છે.

**લી.**

ઈશ્વરદાન કરણીદાન ઈશરાણી (મોટા ભાઈ)
કિશોરદાન કરણીદાન ઈશરાણી ( મોટાભાઈ)
સાગરદાન કરણીદાન ઈશરાણી (નાના ભાઈ)
જય માતાજી

## હોસ્પિટલ નિર્માણની કામગીરી વહેલાસર પૂર્ણ કરવા સૂચના આપતા કલેકટર અરૂણ મહેશ બાબુ

### રાજકોટમાં નિર્માણાધિન નવી હોસ્પિટલની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩

રાજકોટ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુએ હોસ્પિટલ ચોક ખાતે નિર્માણાધિન નવી ઝનાના હોસ્પિટલની કામગીરી અંગે સમીક્ષા હાથ ધરી હતી. જેમાં તેમણે હોસ્પિટલની કામગીરીનો પ્રગતિ અહેવાલ જાણ્યો હતો. તેમણે નવી હોસ્પિટલમાં મેટરનલ એન્ડ ચાઇલ્ડ વિંગની કામગીરીને વેગવાન બનાવવા સૂચનો કર્યા હતા તેમજ સલામતી સહિતના પાસાઓ પર ભાર મૂક્યો હતો.

રાજકોટ વાસીઓને વહેલાસર આ હોસ્પિટલની સેવાનો લાભ મળી શકે તે માટે તેનું નિર્માણ વહેલી તકે પૂર્ણ કરવા પણ કલેક્ટરએ સૂચના આપી હતી. આ ઉપરાંત મનુબહેન ઢેબર સેનેટોરિયમની જગ્યાએ ફીલ્ડ હોસ્પિટલ બનાવવા અંગેની પ્રક્રિયા અંગે પણ સમીક્ષા કરી હતી.

આ તકે ગાયનેક વિભાગના ડો. કમલ ગોસ્વામી, પીડિયાટ્રીક વિભાગના વડા ડો. પંકજ બુચ, ડો. કેતન પીપળીયા, માર્ગ અને મકાન વિભાગની ટીમ સહિતના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચૂંટણી ખર્ચ નિરીક્ષકો સાથે ખર્ચ મેળવણા અંગે યોજાઈ બેઠક



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩

તાજેતરમાં યોજાયેલી વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અન્વયે ચૂંટણી લડતા ઉમેદવારો દ્વારા કરવામાં આવેલા ખર્ચના મેળવણાં અંગેની બેઠક કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી.

આ મિટિંગમાં દરેક ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ અને તેમના પક્ષના પ્રતિનિધિઓ સાથે ખર્ચ નિરીક્ષક તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી અને હિસાબી અધિકારીઓએ ખર્ચનું મેળવણું અને સમીક્ષા કરી હતી.

મિટિંગના આરંભે ખર્ચના નોડલ ઓફિસર તેમજ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અરુણ મહેશ બાબુએ રાજકોટ વિધાનસભાની આઠ બેઠકોના રીટર્નીંગ ઓફિસર્સ અને ચૂંટણીમાં ભાગ લીધેલ ઉમેદવારોને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અને આચાર સંહિતા સમયગાળા દરમ્યાન મળેલ સહકાર બદલ અભિનંદન આપ્યા હતા અને તમામને શુભેચ્છા પાઠવી હતી તેમજ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એસ.જે.ખાચરે પ્રાથમિક સૂચનાઓ આપી હતી.

દરેક ઓબ્ઝર્વરએ તેમના સંબંધિત મત વિસ્તારોના ઉમેદવારો,એજન્ટો,આર. ઓ.અને હિસાબી અધિકારીઓ સાથે અલાયદી મિટિંગ યોજી ખર્ચનું મેળવણું અને વિસ્તૃત સમીક્ષા કરી હતી.

રાજકોટ જિલ્લાના આઠ વિધાનસભા વિસ્તારના ખર્ચ નિરીક્ષક સર્વે એસ.જનાર્દન, એસ.બાલાકૃષ્ણન, શૈલેન સમદર, અમિત સોની તેમજ રીટર્નીંગ ઓફિસર્સ સર્વ સૂરજ સુથાર સંદીપકુમાર વર્મા, કે.જી.ચૌધરી વિવેક ટાંક, રાજેશ આલ, કે.વી. બાટી,નિમેષ પટેલ જે.એન. લીખિયા તેમજ સંબંધિત અધિકારીઓ,ચૂંટણીમાં ભાગ લેનાર ઉમેદવારો, એજન્ટો આ મિટિંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી**

## સૌરાષ્ટ્ર યુનિ. ખાતે યુ.જી.સી. 'નેટ'ના તાલીમ વર્ગ શરૂ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩

આગામી ફેબ્રુઆરી માર્ચ-૨૦૨૩ માસમાં યોજાનાર નેટ પરીક્ષાના વર્ગો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં SC/ST/OBC (નોન ક્રિમીલેયર) PH/MINORITY ના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે UGC NET જનરલ પેપર નં. ૧ ના વર્ગો તા. ૧૭ જાન્યુઆરીને મંગળવારથી સમય સવારે ૯ થી ૧૧ ના સમયમાં શરૂ થશે. 'નેટ' કોચીંગના વર્ગોમાં પી.જી.ના ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓ તેમજ અનુસ્નાતક/ એમ.ફિલ./પીએચ.ડી. ના વિદ્યાર્થીનો જોડાઈ શકશે.

ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૧૬ જાન્યુઆરી સુધીમાં નેટ કોચીંગ સેન્ટર, સી.સી.ડી.સી. બિડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, નેટ પરીક્ષાનું ઓનલાઈન ભરેલ એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ, SC/ST/OBC (નોન ક્રિમીલેયર) PH/MINORITY નો દાખલો સાથે લાવવાનો રહેશે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. તેમ જણાવ્યું છે.

## ફરી ટિકિટ વગર મુસાફરી કરતા ૨૧ ઝડપાયા

### ૧૩ કંડકટરને ટેમ્પરરી અને ૧ કંડકટરને કાયમી ધોરણે કરાયા સસ્પેન્ડ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩

રાજકોટ મહાનગરપાલિકાની પરિવહન સેવાઓનું સંચાલન અને નિયંત્રણ કરતી SPV-રાજકોટ રાજપથ લી. દ્વારા ગત તા.૨૬ ડિસેમ્બર થી તા.૧ જાન્યુઆરી સુધીમાં કરવામાં આવેલી કામગીરીની વિગત પ્રમાણે શહેરીજનોને સિટી બસ દ્વારા ૪૭ રૂટ પર ૧૧૫ સિટી બસ પરિવહનની સેવા પુરી પાડે છે. જેમાં કુલ ૧, ૮૨, ૬૪૫ મુસાફરોએ લાભ લીધો હતો. સિટી બસ સેવામાં કામમાં ક્ષતિ બદલ બે ખાનગી એજન્સીઓને અંદાજીત રૂ.૩,૦૪,૫૨૫ દંડ વસુલવામાં આવ્યો હતો તેમજ બસ સેવાની કામગીરી સબબ ૧૩ કંડક્ટરને ટેમ્પરરી સસ્પેન્ડ અને ૧ કંડક્ટરને કાયમી ધોરણે સસ્પેન્ડ કરાયા.

બીજી બાજુ ટિકિટ વગરના કુલ ૨૧ મુસાફરોને અંદાજીત રકમ રૂ.૨,૩૧૦ નો દંડ વસુલવામાં આવેલ હતો.

BRTS ની વિગતો પ્રમાણે શહેરીજનોને કુલ ૧૮ રૂટ પર સેવા પુરી પાડવામાં આવી છે. જેમાં ગત સપ્તાહ દરમ્યાન કુલ રૂ.૧,૮૪,૦૭૫ મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો. BRTS બસ સેવામાં કામમાં ક્ષતિ બદલ ખાનગી એજન્સીને રૂ.૫૦૦ નો દંડ વસુલવામાં આવ્યો.

## પેટ્રોલ પુરાવી જતાં ડમ્પર સાથે ડમ્પર અથડાતા યુવાનનું મોત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૩

શહેરમાં વધતા જતાં જીવલેણ અકસ્માતના બનાવો નવા વર્ષના પ્રારંભે પણ યથાવત રહેવા પામ્યા છે જેમાં માધાપર ચોકડીથી બેડી ચોકડી વચ્ચે બે ડમ્પર અથડાતાં એમ.પી.ના ડ્રાયવરનું મોત નિપજયું છે દોડી ગયેલ સ્ટાફે કેબીનમાંથી માંડ માંડ મૃતદેહ બહાર કાઢ્યો હતો. ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મુળ એમ.પી.ના હાલ પરાપીપળીયામાં રહી ડ્રાયવર તરીકે કામ કરતો શીવ નરસીભાઈ અનારે (ઉ.વ.૧૯) નામનો યુવાન સવારે જી જે ૧૩ એ ડબલ્યું ૬૩૦૫ નંબરનું ડમ્પર લઈને માધાપર ચોકડીથી બેડી ચોકડી તરફ જતો હતો ત્યારે હોટલ નજીક જી જે ૧૩ એ ડબલ્યું ૮૧૯૦ નંબરના ચાલક યુવરાજસિંહ પ્રવિણસિંહ ઝાલા ડીઝલ પુરાવી નીકળતા હતા ત્યારે તેની સાથે ડમ્પર ધડાકાભેર અથડાતાં અકસ્માત સર્જાયો હતો. જોરદાર ટક્કરથી શિવનું ગંભીર ઈજા થવાથી મોત નિપજયું હતું બનાવની જાણ થતાં પોલીસ, ૧૦૮ અને ફાયર બ્રિગેડ સહિતનો કાફલો દોડી ગયો હતો અને ડમ્પરની કેબીનમાં ફસાયેલા શિવના મૃતદેહને બહાર કાઢી હોસ્પિટલે ખસેડયો હતો.

મૃતક ચાર ભાઈ બે બહેનમાં ત્રીજા નંબરનો હતો. બનાવ અંગે મૃતકના ભાઈ કાલુ અનારેએ ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ વી એચ પરમાર સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી છે.

## શાપરમાં હરગંગે બ્રિજ પાસે હિટ એન્ડ રનઃકામ પરથી ઘરે જતા આધેડને કારે હડફેટે લેતા મોત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ,તા.૩

શાપર-વેરાવળમાં આવેલા હર ગંગે બ્રિઝ પાસેથી ચાલીને જઈ રહેલા આધેડને અજાણી કારના ચાલકે ઠોકરે લેતા આધેડનું ગંભીર હાલતમાં ઘવાતા હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેમનું મોત નીપજ્યું હતું.

વધુ વિગતો મુજબ,શાપરની સર્વોદય સોસાયટીમાં રહેતા ચતુરભાઈ ડાયાભાઈ રાઠોડ (ઉ.વ.૫૦)ગઈકાલે સાંજના સમયે કારખાનેથી પોતાના ઘરે ચાલીને જતા હતા ત્યારે હરગંગે બ્રિઝ પાસે કોઈ અજાણી કારના ચાલકે ઠોકરે લેતા તેઓને શરીરે ગંભીર ઇજા થતાં તેઓને હોસ્પિટલમાં લઈ જવાયા હતા ત્યાં તેઓનું મોત નીપજ્યું હતું. ચતુરભાઈ ત્રણભાઈમાં મોટા અને અપરિણીત હોવાનું જાણવા મળી રહ્યું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ

ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# વર્ષ ૨૦૨૨ માં રાજયના ૧૨.૭૨ લાખ લોકોની સેવાનું માધ્યમ બની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા

## રાજ્યના ૧.૨૦ લાખ પીડિત દર્દીઓને ઈમરજન્સી સેવા પહોંચાડીને નવજીવન બક્ષ્યું:એક વર્ષમાં ૪,૪૨,૧૪૦ પ્રસુતિ માટે કોલ્સ આવ્યા જેમાંથી ૧૦,૦૬૫ જેટલી પ્રસુતિ આકસ્મિક પરિસ્થિતિમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ કરવામાં આવી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ.તા.૩

રાજય સરકારની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા વર્ષ-૨૦૨૨ માં લાખો લોકો માટે સેવાનું માધ્યમ સાબિત થઇ છે. ગત વર્ષે ૩૬૫ દિવસમાં ૧૨ લાખ ૭૨ હજાર ૩૪૩ લોકોએ ૧૦૮ એમ્બ્યુન્લસ સેવા હેઠળ સ્વાસ્થ્ય સેવાનો લાભ મેળવ્યો છે.

પ્રતિ દિન ૩૪૮૫ અને પ્રતિ કલાક ૧૪૫ જેટલા કોલ્સ એટેન્ડ કરીને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સ્વાસ્થ્ય સેવા પહોંચતી કરવામાં આવી છે. વધુમાં આ ૧૨ મહિના અને ૩૬૫ દિવસમાં રાજ્યના ૧ લાખ ૨૦ હજાર ૭૨૩ પીડિત દર્દીઓને આકસ્મિક સેવા પહોંચાડીને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ખરા અર્થમાં સંજીવની સાબિત થઇને દર્દીઓને નવજીવન આપવામાં સફળ રહી છે. રાજ્યમાં હાલ ૮૦૦ જેટલી ૧૦૮ એમ્બુલન્સ દિવસ - રાત રાઉન્ડ ધ કલોક જરૂરિયાતમંદ દર્દીઓની સારવારમાં કાર્યરત છે. ગત વર્ષે અટેન્ડ કરેલા કુલ કોલ્સમાં ૧૦૮ એમ્બ્યુલન્સનો સરેરાશ રિસપોન્સ ટાઇમ ૧૭ મીનિટ અને ૧૦ સેકન્ડ જેટલો ત્વરિત રહ્યો છે. વર્ષ ૨૦૨૨ માં ૧૦૮ એબ્યુલન્સમાં આવેલા ઈમરજન્સી કોલ્સની વિગતો જોઇએ તો, ૪,૪૨,૧૪૦ કોલ્સ સગર્ભા બહેનોની પ્રસુતિ માટે હોસ્પિટલ પહોંચાડવા ૧,૩૮,૫૨૦ કોલ્સ પેટમાં દુખાવાની તકલીફની ફરિયાદના ૧,૪૫,૦૫૩ માર્ગ અકસ્માતની ઇમરજન્સી અને ૧,૧૯,૦૧૨ અન્ય પ્રકારના અકસ્માતની ઇમરજન્સીના કોલ, ૭૩,૮૦૭ જેટલા કોલ્સ શ્વાસ લેવામાં પડેલી તકલીફ ૫૫,૬૦૬ કોલ્સ હૃદયરોગ સંબંધિત ઇમરજન્સી માટે ૪૯,૧૬૫ જેટલા કોલ્સ ભારે તાવની ફરિયાદ, ૧૫,૯૨૧ કોલ્સ ડાયાબેટીક પ્રોબ્લમ્સ, ૧૧,૦૬૮ કોલ્સ ગંભીર કુપોષણની સમસ્યા સંબધિત,૧૦,૧૧૮ સ્ટ્રોક સંબંધિત તકલીફ, ૪,૪૭૪ માથામાં દુખાવાની તકલીફ, ૧,૮૯૯ ગંભીર પ્રકારના અકસ્માત, ૧૭૨૮ એલર્જી રીએકસનની ફરિયાદ,૧૭૩૫ માનસિક રોગ સંબંધિત ફરિયાદ, ૩૪૫૦ કોરોના સંબંધિત અને ૧,૪૨,૪૭૧ જેટલા કોલ્સ અન્ય પ્રકારની તકલીફ ધરાવતા કોલ્સ એટેન્ડ કરીને ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા આપવામાં આવી છે.

વધુમાં જોઇએ તો રાજયની ૧૦,૦૬૫ જેટલી સગર્ભા બહેનોની પ્રસુતિ પણ ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઇમરજન્સી સ્થિતિમાં કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે,તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની દુરંદેશીતાના પરિણામ સ્વરૂપ ગુજરાતમાં વર્ષ ૨૦૦૭ માં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના સફળ માર્ગદર્શન હેઠળ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો રીસપોન્સ ટાઇમ ઝડપી બન્યો છે. આજે ૧૦૮ની નિ:શુલ્ક સેવા લાખો લોકો માટે સંજીવની સમાન સાબિત થઇ રહી છે

# સંસદનું બજેટ સત્ર ૩૧ મી જાન્યુઆરીથી ૬ એપ્રિલ ચલાવવાની સંભાવના

## કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવાની કવાયત હાથ ધરાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: સંસદનું બજેટ સત્ર ૩૧ મી જાન્યુઆરીથી ૬ એપ્રિલ સુધી ચલાવવાની સંભાવના અને કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવાની કવાયત હાથ ધરાઈ હોવાનું સરકારી સૂત્રોને ટાંકીને આ માહિતી આપી છે. સત્રની શરૂઆત લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠક સાથે થશે, જેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ એકસાથે બંને ગૃહોને સંબોધિત કરશે. ગયા વર્ષે ઓગસ્ટમાં પ્રમુખ પદ સંભાળ્યા બાદ રાષ્ટ્રપતિ મુર્મુનું આ પ્રથમ સંબોધન હશે. સૂત્રોના જણાવ્યા અનુસાર નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજૂ કરી શકે છે. સત્રનો પ્રથમ ભાગ ૧૦ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેવાની ધારણા છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે બજેટ સત્રના પહેલા દિવસે બંને ગૃહોમાં આર્થિક સર્વે પણ રજૂ કરવામાં આવશે. દરમિયાન, ૧ ફેબ્રુઆરીએ નાણામંત્રી નિર્મલા સીતારમણ સંસદમાં કેન્દ્રીય બજેટ રજૂ કરે તેવી અપેક્ષા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સત્રનો પહેલો ભાગ ૧૦ ફેબ્રુઆરી સુધી ચાલશે. મળતી માહિતી મુજબ, રજા બાદ બજેટ સત્રનો બીજો ભાગ ૬ માર્ચે શરૂ થઈ શકે છે, જ્યારે તે ૬ એપ્રિલે સમાપ્ત થવાની સંભાવના છે.

બજેટ સત્ર લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠક સાથે શરૂ થશે, જેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ એકસાથે બંને ગૃહોને સંબોધિત કરશે. બજેટ સત્રના પહેલા ભાગમાં બંને ગૃહોમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર વિસ્તૃત ચર્ચા થશે, ત્યારબાદ કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે. આ દરમિયાન પીએમ મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપશે, જ્યારે નાણામંત્રી નિર્મલા સીતારમણ કેન્દ્રીય બજેટ પરની ચર્ચાનો જવાબ આપશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

### નાતાલ–નવા વર્ષમાં ચિક્કાર ભીડ : તમામ હોટલો હાઉસફૂલ રહી

# સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં એક સપ્તાહમાં ચાર લાખ પ્રવાસી : નવો રેકોડ

(એજન્સી સમાચાર)

ગાંધીનગર.તા.૩

નવા વર્ષની ઉજવણીમાં હજારો-લાખો પ્રવાસીઓ ફરવા નીકળી ગયા હતા અને તેનો લાભ ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટીને મળ્યો હોય તેમ છેલ્લા એક સપ્તાહમાં રેકોર્ડબ્રેક ૪ લાખ લોકોએ આ પ્રવાસન સ્થળની મુલાકાત લીધી હતી. જબરદસ્ત ધસારો થયો હતો. ૨૫થી ૩૧ ડીસેમ્બરના સમયગાળામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓનો જોરદાર ધસારો હતો અને આ દરમિયાન સાડા ત્રણથી ચાર લાખ લોકો ઉમટ્યા હોવાનો અંદાજ પ્રવક્તાએ દર્શાવ્યો હતો. ૨૦૨૨ના છેલ્લા આઠ



## કોરોનાનું એલર્ટના લીધે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ફેસમાસ્ક પહેરવું ફરજીયાત

દિવસમાં દરરોજ સરેરાશ ૪૫,૦૦૦થી ૫૦,૦૦૦ લોકો આવતા હતા. નાતાલના દિવસે તો સંખ્યા આનાથી પણ વધુ હતી. જો કે પ્રવાસીઓ વધવાની ગણતરીએ તંત્ર દ્વારા આગોતરી ગોઠવણ જ કરવામાં આવી હતી. જેનાથી લોકોને કોઇ તકલીફ ન પડી શકે. ભારતના પ્રથમ ગૃહમંત્રી અને લોખંડી પુરૂષનું બિરૂદ ધરાવતા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઉંચી પ્રતિમા ધરાવતા સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં જંગલ સફારીથી માંડીને અનેકવિધ આકર્ષણો ઉભા કરવામાં આવ્યા હોવાથી માત્ર ગુજરાત જ નહીં દેશભરમાં પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.સમગ્ર સપ્તાહ દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટી આસપાસની તમામ હોટલો હાઉસફૂલ બની રહી હતી.

બીજા રાજ્યોમાંથી આવનારા પ્રવાસીઓની સંખ્યા પણ ઘણી મોટી હતી.છેલ્લા કેટલાક દિવસોથી ફરી કોરોનાનું એલર્ટ છે અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ફેસમાસ્ક ફરજીયાત બનાવવામાં આવ્યું હોવા છતાં લોકો કોઇપણ જાતની બીક વિના પ્રવાસમાં ઉમટ્યા હતા.

# છોટુનગર સોસાયટીમાં રહેતા વૃધ્ધા ભાઈના ઘરે જવાનું કહી નિકળ્યા બાદ ગુમ



શહેરના છોટુનગર સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષના વણિક વૃધ્ધા ઘરેથી ભાઇના ઘરે જવાનું કહી નિકળ્યા બાદ ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતામાં મૂકાયા છે.આ અંગે તેમણે ગાંધીગ્રામ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ગુમનોંધ લઇ વૃધ્ધાને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે. રૈયા રોડ પર આવેલા છોટુનગર સોસાયટીમાં રહેતા રંજનબેન હસમુખભાઇ ધંધુકીયા(ઉ.વ ૭૫) નામના વણિક વૃધ્ધા રવિવારે સવારના ઘરેથી વર્ધમાનનગરમાં રહેતા ભાઇના ઘર જવાનું કહી નિકળ્યા બાદ પરત ન ફરતા અહીં સગાને ત્યા તપાસ કરતા તેઓ ત્યાં પણ ન ગયા હોય પરિવારજનોએ પ્રથમ ખાનગી રાહે શોધ કર્યા બાદ વૃધ્ધાના પતિ હસમુખભાઇ ધંધુકીયા(ઉ.વ ૮૦) એ ગાંધીગ્રામ પોલીસ મથકમાં જાણ કરી હતી.જેથી પોલીસે ગુમનોંધ લઇ વૃધ્ધાની શોધખોળ શરૂ કરી છે.વૃધ્ધા અંગે માહિતી મળ્યે ગાંધીગ્રામ પોલીસ મથક ફોન નં.૦૨૮૧ ૨૫૮૮૦૮૫ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# ખેડૂતોને દિવસે વીજળી આપવાનો સરકારની કિશાન સૂર્યોદય યોજનાનો સૂર્યાસ્ત!

## યોજનાનો ફિયાસ્કો: ૩૫૦૦ કરોડનો ખર્ચ કરવા છતાં ખેડૂતોને વીજળી મળવી મુશ્કેલ, ખેડૂતોને રાતે ઉજાગરા દિવસની વીજળી મળતી નથી



(એજન્સી સમાચાર)

ગાંધીનગર તા. ૩

ખેડૂતોને સિંચાઇ માટે દિવસે વીજળી આપવાની યોજના કિશાન સૂર્યોદય યોજના નિષ્ફળ ગઇ છે. સરકારે માત્ર વાયદા જ કર્યા છે. ખેડૂતોને રાતે ઉજાગરા થાય છે. દિવસની વીજળી મળતી નથી. ૩૫૦૦ કરોડનો ખર્ચ કરવા છતાં યોજનાનો લાભ ખેડૂત લઇ શકયતા નથી. હાલ ચારેતરફથી ગુજરાતનો ખેડૂત ભીંસમાં છે, લોકોને અન્ન આપતો ગુજરાતનો ખેડૂત અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. એકતરફ પકવેલા પાકનો પૂરતો ભાવ મળતો નથી. આવક તો છોડો, ખર્ચો કાઢવો પણ મુશ્કેલ છે. ત્યાં સરકાર દિવસે વીજળી આપવા મામલે મગનું નામ મરી નથી પાડી રહી. સરકાર માત્ર વચનો આપી રહી છે. ગુજરાત સરકારે કિસાન સૂર્યોદય યોજના મોટા ઉપાડે શરૂ કરી હતી, પણ રૂા.૩૫૦૦ કરોડનો ધુમાડા બાદ પણ આજેય ગુજરાતના એકેય ગામમાં ખેડૂતોને દિવસે વીજળી મળતી નથી. આજે પણ ખેડૂતોને વીજળી માટે આખીય રાત જાગવા મજબૂર બન્યા છે. હાલ ગુજરાતમાં ખેડૂતોની જે સ્થિતિ છે તે જોતા કહી શકો કે, ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજનાનો સૂર્યાસ્ત થયો છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી વખતે આ જ ભાજપે ખેડૂતોને દિવસે વીજળી આપવાના વચનો તો આપ્યા હતા. પરંતુ હવે સરકાર આ વાયદા પૂરા કરવામાં ઠાગાઠૈયા કરી રહી છે. શિયાળાની કડકડતી ઠંડીમાં રાતે વીજળી આપવામાં આવે છે. તેમાં ખેડૂતો દિવસે વીજળી આપવાની માંગ કરી રહ્યું છે. પરંતુ સરકાર હજી સુધી આ સુવિધા આપવામાં નિષ્ફળ નીવડી છે. ખેડૂતોને દિવસે વીજળી આપવાના વચનોનો ફિયાસ્કો થયો છે. વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં આખા ગુજરાતમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાના સરકારના વચનનો ફિયાસ્કો. રાજ્યમાં ખેડૂતો સિંચાઇનું પાણી મેળવી ખેતી કરી શકે તે માટે સવારે ૫ વાગ્યાથી લઈને રાત ૯ વાગ્યા સુધી વીજળી મળી રહે એ માટે સરકારે આ યોજના શરૂ કરી હતી. આ માટે કરોડોનો ધુમાડો કર્યા બાદ પણ આ યોજના સફળ રહી નથી. ખેડૂતો ખેતી કરી શકે તે માટે સવારે પાંચ વાગ્યાથી ૯ વાગ્યા સુધી વીજળી આપવાની આ યોજનાનો ફિયાસ્કો થયો છે. ગુજરાતમાં ૧૭.૨૫ લાખ ખેડૂતોને આવરી લઈને આ યોજનામાં ઓગસ્ટ ૨૧ સુધીમાં ૩૦૨૯ ગામડાઓને આવરી લેવાયા હતા.કોંગ્રેસના વડા પાલ આંબલિયાનો આક્ષેપ છે કે આજ દીન સુધી એકેય ગામડામાં ખેડૂતો સુધી દિવસે વીજળી પહોચી નથી. ખેડૂતોને આજેય રાત ઉજાગરા કરવા પડી રહ્યાં છે. મોડી રાત્રે ખેતરમાં જંગલી પ્રાણીઓના હુમલાનો ડર ખેડૂતોને સતાવી રહ્યો છે.

રાજ્ય સરકારે બજેટમાં પ્રાયોગિક ધોરણે માળખાકીય સુવિધા માટે રૂા.૩૫૦૦ કરોડની નાણાંકીય જોગવાઇ સુધ્ધાં કરી હતી. જેથી ૬૬ કેવી સ્ટેશન સહિતની માળખાગત વ્યવસ્થા ઉભી કરાય. પ્રથમ તબક્કામાં તબક્કામાં પ્રાયોગિક ધોરણે ત્રણ જિલ્લાના ૧૦૫૫ ગામડાઓમાં ય હજુય દિવસે વીજળી મળતી નથી. વિજય રૂપાણીએ આ યોજનાની જાહેરાત કરી હતી પણ ભૂપેન્દ્ર પટેલ સરકારમાં પણ આ અમલવારી થઈ નથી. સરકારે ૨૦૨૨ સુધીમાં આ યોજનાને આખા રાજ્યમાં અમલ કરવાનો નિર્ણય લીધો હતો પણ પ્રારંભિક લક્ષ્યાંક પણ હજુ અધૂરો છે. આમ સરકાર મસમોટા વચનોની જાહેરાત કરે છે પણ અમલવારી કરી શકતી નથી.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## મગફળી સ્થિર છતાં સિંગતેલમાં વધારો: જીરૂ ઓલટાઈમ હાઈ,મણના ભાવ રૂ.૬૪૦૦ ઉપજ્યા

થતું રહ્યું છે પરંતુ, ગત વર્ષે રવિ વાવેતરમાં આજ સુધીના સમયમાં ૨.૮૬ લાખ હેક્ટરમાં અને આ વર્ષે તો તેથી પણ ઘટીને ૨,૬૮,૭૭૫ હેક્ટરમાં વાવેતર થયું છે. ઉપરાંત મોસમ અનુકૂળ રહી નથી. નવી સીઝનનું જીરુ હજુ આવ્યું નથી ત્યારે પાછલો સ્ટોક આવી રહ્યો છે અને આર્જે રાજકોટ બેડી યાર્ડમાં પ્રતિ મણના રૂ.૪૮૦૦-૬૪૦૦ ભાવ નોંધાયા હતા. મગફળીનું ગત સીઝનમાં ૧૭ લાખ હેક્ટરથી વધુ જમીનમાં વાવેતર થયું હતું અને રાજ્ય સરકારે ૨૩૦૩ કિલોની યિલ્ડ ગણીને જારી કરેલા એસ્ટીમેટ મૂજબ આશરે ૩૯.૧૭ લાખ ટન મગફળીનું ઉત્પાદન થયું છે જે અગાઉના વર્ષોમાં થતું તેના કરતા ઘણુ વધારે છે. માંગમાં કોઈ મોટો ઉછાળો નથી.

વળી માર્કેટ યાર્ડમાં રૂ.૧૧૦૦થી ૧૩૫૦ વચ્ચે ભાવ ટકી રહ્યા છે છતાં આજે નવા વર્ષના પ્રારંભે વધુ રૂ.૧૫ ના વધારા સાથે સિંગતેલ નવા ડબ્બાના રૂ.૨૬૫૫-૨૭૨૫ ભાવ નોંધાયા છે.

## ચાઈનીઝ દોરીથી મૃત્યુની ઘટનાઓની ગંભીર નોંધ લેતી હાઈકોર્ટ

ચાઇનીઝ દોરીના કારણે નાગરિકોના મૃત્યુ થાય કે ઈજા થાય એ બિલકુલ ચલાવી લેવાશે નહીં. રાજ્ય સરકારે જાહેરનામાંનો સખ્તીથી અમલ કરાવવો જોઈએ. હાઈકોર્ટે બે દિવસમાં આ અંગે અદાલતમાં સોગંદનામું રજુ કરવા રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો. આવતી તા.૯ જાન્યુઆરીના રોજ ફરીથી આ મુદ્દા પર હાઈકોર્ટમાં સુનવણી હાથ ધરવામાં આવશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, મકરસંક્રાંતિનું પર્વ હજુ આવ્યું નથી. ત્યાં કેટલાક મહાનગરોમાં ચાઇનીઝ દોરીની લપેટમાં આવી જવાથી બે યુવાનોના મોત થયાની ઘટના બની છે. ચાઇનીઝ દોરી પર સરકારે પ્રતિબંધ મુકેલો જ છે. અલગ અલગ મહાનગરોમાં પોલીસ કમિશનર દ્વારા આ અંગે જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે છતાં આવી ઘટનાઓ પરથી એ સ્પષ્ટ બને છે કે, ગુપચુપ રીતે ચાઇનીઝ દોરી- તુક્કલનું બેફામ વેચાણ પોલીસની નાક નીચેથી થઇ રહ્યું છે. જેના કારણે નિર્દોષ લોકોએ જાન ગુમાવ્યા છે. ગઈકાલે વડોદરામાં ચાઇનીઝ દોરી ગાળામાં ફસાઈ જતા ગળું કપાઈ જવાથી એક યુવાનનું મૃત્યુ થયું હતું. એ જ રીતે સુરતના નવાપુરા વિસ્તારમાં ચાઇનીઝ દોરીએ એક યુવાનનો ભોગ લીધો હતો. આ ઘટનાઓથી લોકોમાં જબરો રોષ ફેલાયો છે અને હાઈકોર્ટે પણ આજે ઘટનાઓની નોંધ લીધી છે.(૨.૧૨)

## રેલવેને પેસેન્જર ભાડાથી કમાણીમાં ૭૧ ટકાનો વધારો

તે જ સમયે, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રથમ નવ મહિના દરમિયાન, રેલ્વેનો નૂર ટ્રાફિક ગયા વર્ષના સમાન સમયગાળાની નૂર અને કમાણી કરતાં વધી ગયો છે. સંચિત ધોરણે, રેલ્વેએ એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૨ના સમયગાળા દરમિયાન ૧૧૦૯.૩૮ MT નૂર વહન કર્યું હતું, જે ગયા વર્ષના ૧૦૨૯.૯૬ MT ના નૂર લોડિંગની સામે હતું. ગયા વર્ષના નૂર ટ્રાફિકની સરખામણીમાં ૮ ટકાનો સુધારો જોવા મળ્યો છે. રેલ્વેએ અગાઉના વર્ષમાં રૂ.૧૦૪૦૪૦ કરોડની સરખામણીએ રૂ.૧૨૦૪૭૮ કરોડની કમાણી કરી હતી. ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૧૬ ટકાનો સુધારો જોવા મળ્યો છે.

# ગિરનાર પર્વત ફરી ૫ ડિગ્રી સાથે ઠંડોબોળ

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે પણ ઠંડીનું પ્રમાણ જળવાઈ રહ્યું હતું. ખાસ કરીને સવારે ઠેર-ઠેર તિવ્ર ઠારના કારણે લોકો ઠુંઠવાયા હતા. નલિયા સાથોસાથ આજે ફરી એકવાર ગિરનાર પર્વત ઉપર ૫ ડિગ્રી અને જૂનાગઢ શહેરમાં ૧૦ ડિગ્રી લઘુતમ તાપમાન થઇ જતા પ્રવાસીઓ અને નગરજનોએ તિવ્ર ઠંડીનો અનુભવ કર્યો હતો. શનિ-રવિ બે દિવસ ઠંડીમાં થોડી રાહત બાદ ફરી ગઇકાલ સોમવાર અને આજે મંગળવારના ઠંડીએ ભારે જોર પકડ્યું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

મોટા વડાલાની પાંજરાપોળમાં ૬૦૦ અબોલ જીવોને આશ્રય

# મોટા વડાલાના પાંજરાપોળના લાભાર્થે શનિવારે યોજાશે 'હાસ્ય દરબાર' કાર્યક્રમ


(તસવીરઃ પંકજ ડાભી)
પત્રકાર પરિષદમાં માહિતી આપતા મોટા વડાલા ગૌ સેવા ટ્રસ્ટના કાર્યકર પ્રતિક સંઘાણી, રમેશભાઇ ઠક્કર, પારસભાઇ મહેતા, ભરતભાઇ મહેતા અને દિપકભાઇ મહેતા તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

પત્રકાર પરિષદમાં માહિતી આપતા પ્રતિક સંઘાણીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૩૬ વર્ષોથી મોટા વડાલા ગામ ખાતે જીવદયાના સ્વરૂપમાં પાંજરાપોળમાં ચાલી રહ્યું છે. હાલમાં આશરે ૬૦૦ જીવો શાતા પામી રહ્યા છે. કતલખાને ધકેલાતા, ભાંભરડા નાંખતી ગૌમાતા ગૌવંશ-અબોલ જીવોના આક્રંદને સધિયારો આપવાના કાયમી મહાયજ્ઞ મોટા વડાલા ગૌ સેવા રાહત ટ્રસ્ટના માધ્યમથી સતત સેવારત છે ત્યારે ઉલ્લેખનીય છે કે ટ્રસ્ટ પાસે કોઇ કાયમી આવકનું સાધન નથી, માળખાકીય સુવિધા માટે પણ અત્યંત ટાંચા સાધનો છે. મોંઘવારી, કારમા સમયમાં મોટા વડાલા ગૌ સેવા રાહત ટ્રસ્ટની ખૂબ જ નબળી આર્થિક સ્થિતી છે, ત્યારે આ માટે દાતાઓ, સરકાર, પ.પૂ.ધર્મધરો, ગૌપ્રેમી રક્ષકો, ધર્મપ્રેમીઓને હાથજોડી, અંતરની આજીજીભરી વિનંતી કે, ગાય માતાના ઉના ઉના નિસાસા ટાળવા આજથી નહીં અત્યારથી જ અને એની આંતરડી ઠારવા માટે વ્યવસ્થા કરવી પડશે, કારણ એની સાચી અને તાતી જરૂરીયાત અત્યારે જ છે.

મોટા વડાલા ગૌ સવા રાહત ટ્રસ્ટ, મોટા વડાલા પાંજરાપોળ ખાતે ધર્મેન્દ્રભાઈ ભૂપતરાય મહેતા સ્મરણાર્થે, હસ્તે લક્ષ્મીચંદ જેઠાભાઈ મહેતા પરિવાર (પડધરીવાળા) તરફથી ઘાસનું વિશાળ કોઠાર બનાવી આપવામાં આવ્યું છે, ગજરાબેન કાંતિલાલ નેમચંદ શાહ પરિવાર (પડધરીવાળા) તરફથી રોટલા ઘર બનાવી આપવામાં આવ્યું છે, સંસ્થાપક મનસુખલાલ ધનજીભાઇ વોરા અને માતા પુષ્પાબેન વોરાના સ્મરણાર્થે ગાયમાતા માટે શેડનું બાંધકામ કરી આપેલ છે.

આ શુભ પ્રસંગને નિમિત બનાવીને તા.૭ શનિવારે, બપોરે ૪:૩૦ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી મોટા વડાલા ગૌ સેવા રાહત ટ્રસ્ટ, કાલાવડ રોડ, મોટા વડાલા ગામ ખાતે હાસ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ તથા જગદીશભાઈ ત્રિવેદી ઉપસ્થિત સૌ જીવદયા પ્રેમીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓને પોતાની આગવી શૈલીમાં રસતરબોળ કરશે. ઉપસ્થિત મહેમાનો, જીવદયા પ્રેમીઓ સૌ ગૌભકતો માટે પાંજરાપોળ ખાતે ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના મુખ્ય લાભાર્થી તરીકે લક્ષ્મીચંદ જેઠાભાઇ મહેતા પરિવાર (પડધરીવાળા), (ભાભા હોટલ ગ્રુપ, રાજકોટ)નો સહયોગ પ્રાપ્ત થયો છે. કાર્યક્રમના માનવંતા મહેમાનો રાઘવજીભાઇ પટેલ (કૃષિ મંત્રી, ગુજરાત સરકાર), મેઘજીભાઇ ચાવડા (કાલાવડ તાલુકા ધારાસભ્ય), ડો. વલ્લભભાઇ કથીરિયા (પૂર્વ કેન્દ્રીય મંત્રી) ઉપસ્થિત રહેશે. મોટા વડાલા ગૌ સેવા રાહત ટ્રસ્ટની અંદાજે ૫૦૦ અબોલ જીવોને સ્થાના આર્થિક સંક્ટના સમયમાં સંસ્થાને બચાવી લેવા અપીલ કરી છે.



## ૬૦૦ અબોલ જીવોને આશ્રય આપતી સંસ્થામાં ઘાસનું કોઠાર, રોટલા ઘરનું કરાશે નિર્માણ

વિશેષ માહિતી માટે લલીતચંદ્ર સૌભાગ્યચંદ વોરા, વિજયકુમાર મહેતા-રાજકોટ, દીપકભાઇ મહેતા (મો. (૩૭૩૩ ૬૩૬૩૯), રજનીકાંત વોરા, મંગલમ કન્સલટન્સી, કલ્યાણ મંદિર પાસે, જામનગર, (મો. ૯૪૦૯૪ ૧૧૩૦૬) નો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે. પાંજરાપોળ ખાતે સીધો ઘાસચારો મોકલાવી શકાય છે. મોટા વડાલા પાંજરાપોળ, મું. મોટા વડાલા-૩૬૧ ૧૬૨, તા. કાલાવડ (શીતલા), જી. જામનગર, ઘાસનું વિશાળ કોઠાર, રોટલા ઘર, ગાયો માટેના શેડની નામકરણ વિધીના તથા કાર્યક્રમ તથા સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ તથા જગદીશભાઈ ત્રિવેદીનો 'હાસ્ય દરબાર' કાર્યક્રમમાં સહ પરિવાર, મિત્રવર્તુળ સહિત પધારવા ટ્રસ્ટી મંડળ તથા કાર્યકરો દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ રાજયના ૭૧ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોને વિનામુલ્યે અનાજ અપાશેઃ નિર્ણયને આવકારતા મિરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ રાજયના ૭૧ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૪૭ કરોડ જનસંખ્યાને જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી સમગ્ર વર્ષ દરમ્યાન વિનામૂલ્યે ઘઉં અને ચોખાનું વિતરણ કરવાના નિર્ણયને આવકારતા જણાવેલ હતું કે, રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ લાભાર્થીઓને



વિનામૂલ્યે અનાજ (ઘંઉ અને ચોખા) નું વિતરણ અને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજય સરકાર દ્વારા અન્ય આવશ્યક ચીજવસ્તુઓ (તુવેરદાળ, ચણા, ખાંડ, મીઠુ) રાહત દરે વિતરણ અલગ-અલગહોવાથી બંને વિતરણના લાભો મેળવવા માટે લાભાર્થીઓએ બે વખત પોતાનો અંગુઠો આપીને આધાર બેઝડ ઓળખ પ્રસ્થાપિત કરીને બે રીસીપ્ટ મેળવવાની રહેશે. ત્યારે આ યોજનાથી અંત્યોદય કુટુંબો, અગ્રતા ધરાવતા કુટુંબોને વિનામૂલ્યે અનાજ મળી રહેશે. ત્યારે આ યોજનાની ગરીબોને ઘણો ફાયદો થયો છે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવામાં માટે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ,સૌનો પ્રયાસના આદર્શો માટે પ્રતિબધ્ધ છે. સરકાર સમાજના ગરીબ અને સીમાંત વર્ગના સર્વગ્રાહી કલ્યાણ માટે વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ દ્વારા દેશના તમામ નાગરિકને મૂળભુત જરૂરિયાતો સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહી છે જેનો હેતુ છેવાડાના માનવી સુધી સરકારની તમામ યોજનાઓનો લાભ મળી શકે તે છે. ત્યારે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ રાજયના ૭૧ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૪૭ કરોડ જનસંખ્યાને જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી સમગ્ર વર્ષ દરમ્યાન વિનામૂલ્યે અનાજ મળી રહેશે. તેમ અંતમાં આ નિર્ણયને આવકારી કેન્દ્ર સરકારને અભિનંદન આપતા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરએ જણાવેલ હતું.

# મોરબીમાં જમીનના ડખ્ખામાં આધેડની હત્યા

મોરબી, તા.૩

મોરબીમાં નાનીવાવડી વિસ્તારમાં રહેતા હમીરભાઈ મેપાભાઈ આહિર (ઉ.વ.૪૮) નામના આધેડને પાડોશી કાના ડાયાભાઈ કુંભારવાડિયા સાથે જમીન બાબતે ચાલતી માથાકૂટમાં ૧૫ દિવસ પહેલાં કાનાએ હમીરભાઈ અને તેના પુત્ર કાનાને પોતાની કારની ઠોકરે લઈ હત્યા નિપજાવવાનો પ્રયાસ કર્યો હતો. સારવાર દરમિયાન હમીરભાઈએ આજે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દમ તોડતા બનાવ હત્યામાં પલટાયો છે. જે તે સમયે જ મોરબી તાલુકા પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. હવે હત્યાની કલમનો ઉમેરો કરવાની કાયદાકિય કાર્યવાહી હાથ ધરાશે.

ઘટનાની પોલીસના વર્તુળોમાંથી મળતી વિગતો મુજબ નાનીવાવડીમાં રહેતા હમીરભાઈના પ્લોટમાં પાડોશમાં



રહેતા કાના ડાયાભાઈ કુંભારવાડિયાએ ફેન્સિંગ વાળીને કબજો કરી લીધો હતો જે બાબતે બન્ને વચ્ચે માથાકૂટ ચાલતી હતી. ગત તા.૧૪ના રોજ હમીરભાઈએ કાનાએ વાળેલી ફેન્સિંગ દૂર કરીને પોતાની જમીન પર અલગથી તાર ફેન્સિંગ વાળી લીધા હતા. જે બાબતનો ખાર રાખીને કાનાએ હમીરભાઈ સાથે ઝઘડો કર્યો હતો. સાંજના સમયે હમીરભાઈ અને તેનો પુત્ર કાનો (ઉ.વ.૨૨) બન્ને ટૂ વ્હિલર પર નાનીવાવડીથી મોટી વાવડી તરફ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં સાંજે સાતેક વાગ્યાના અરસામાં કાના કુંભારવાડિયાએ કારમાં ધસી આવી ટૂ વ્હિલરસવાર પિતા-પુત્રને ઠોકરે લીધા હતા. ઈજાગ્રસ્ત હમીરભાઈને વધુ સારવાર અર્થે રાજકોટ લઈ અવાયા હતા. આજે તેમનું મૃત્યુ નિપયું હતું. જે તે સમયે પોલીસે તપાસ દરમિયાન અકસ્માત નહીં પરંતુ પાડોશીએ જ હત્યાનો પ્રયાસ કર્યાનું ખૂલતા કાના કુંભારવાડિયા સામે પીઆઈ ખુમાનસિંહ વાળા તથા સ્ટાફે હત્યાના પ્રયાસની ૩૦૭ની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો અને કાનાની ધરપકડ કરી હતી. હવે ઈજાગ્રસ્ત હમીરભાઈનું મૃત્યુ થતાં બનાવ હત્યામાં પરિણમ્યો છે.

પં.બિરજુ મહારાજના પૌત્રી શિંજીની કુલકર્ણીના કથ્થક નૃત્યથી સાપ્તાહિક સંગીત સંમેલનનો શુભારંભ

# રાજકોટના પરમ કથ્થક કેન્દ્રના કલાકારોનું ગ્રુપ નૃત્યએ કલારસીકોના દિલ જીત્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

રાજકોટની કલા રસીક જનતાની આતુરતાના અંત સાથે તા. ૨ જાન્યુઆરી સોમવારના સપ્ત-સંગીતિ-૨૦૨૩ નો હેમુ ગઢવી ઓડિટોરિયમ ખાતે પં. બિરજુ મહારજના પૌત્રી સુશ્રી શિંજીની કુલકર્ણીના કથ્થક નૃત્યથી સાપ્તાહિક સંગીત સંમેલનનો નૃત્યમય શુભારંભ થયો હતો. તેમની કલા પ્રસ્તુતીએ રાજકોટવાસીઓના દિલ જીતી લીધા હતા. આ કાર્યક્રમના પ્રથમ ચરણમાં રાજકોટના પરમ કથક કેન્દ્રના કલાકારોના ગ્રુપ નૃત્ય અને અંકિતા જાડેજા એ એકાંકી નૃત્ય રજુ કરીને તેમની પ્રતિભનો પરિચય આપ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત સપ્ત સંગીતિની પરંપરા અનુસાર પ્રથમ દિવસના પેટ્રન રોલેક્સ રિંગ્સ લિ. ના મનીષભાઈ મદેકા, શુભેચ્છક ડો. જયપ્રકાશ ભટ્ટ તથા સ્વ. ચંદ્રકાંતભાઈ પટેલના પત્ની કીર્તિબેન, તેમની દિકરી કુ. પ્રાચી અને નીઓ રાજકોટ ફાઉન્ડેશનના ડિરેકટરોના શુભ હસ્તે દિપપ્રાગટ્યથી કરવામાં આવી હતી. નીઓ ફાઉન્ડેશનના ડિરેક્ટર દિપકભાઈ રિંડાણી એ તેમના ઉદબોધનમાં રાજકોટના કલારસીકોને આવકાર્યા હતા.

સભાના પ્રથમ ચરણમાં રાજકોટના પરમ કથ્થક કેન્દ્રની વિદ્યાર્થીનીઓ દ્વારા ગ્રુપ ડાન્સ રજુ કરવામાં આવ્યો હતો. પલ્લવીબેન વ્યાસ દ્વારા સંચાલીત આ ગ્રુપની વિદ્યાર્થીનીઓ વાગીશા સાકરીયા, હિમા શેઠ, વૈભવી જિકાર, યશવી જોષી, મિષ્ટી અઘેરા તથા જીયા પાધરા દ્વારા કથ્થક નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. ઉભરતા કલાકારોની આ



પેશકશ માણવા માટે સુશ્રી શિંજીનીજી ખાસ પ્રેક્ષકો સાથે ઓડિટોરીયમમાં બેઠા હતા અને તમામ કલાકારોને બિરદાવ્યા હતા.

કાર્યક્રમના બીજા ચરણમાં કાલકા બિંદાદીલ પરંપરાના અને મહાન નૃત્યકાર પં. બિરજુ મહારજના પૌત્રી સુશ્રી શિંજીની કુલકર્ણી એ કથ્થક નૃત્ય પેશ કર્યું હતું. તેમણે પ્રથમ ઓમ નમઃ શિવા શિવ સ્તુતિ દ્વારા તેમના નૃત્યની શરૂઆત કરી હતી. આ સ્તુતિ વિલંબિત તીનતાલમાં રજુ કરી હતી. જેમાં થાટ, અદાકારી અને ઉપજ એમ ક્રમવાર રજૂ કર્યા હતા. તાલ અને પગની જુગલબંધીને શ્રોતાઓએ તાલીઓના ગડગડાટથી વધાવી, તેમની પ્રસ્તુતિને બીરદાવી હતી. તેમના નાના શ્રી બીરજુ મહારાજ ને યાદ કરી તેમણે રચેલા તાંડવ અને આમદ અંગ રજૂ કર્યા હતા. પં. બીરજુ મહારાજ દ્વારા રચાયેલી કઠીન બંદીશોને ખુબ સરળભાવ સાથે પ્રેક્ષકો સમક્ષ રજુ કરીને અનોખી ભાવસભર સફર કરાવી હતી.

કાર્યક્રમના અંતે નીઓ રાજકોટ ફાઉન્ડેશનના ડિરેક્ટર ઓના હસ્તે ઉપસ્થિત કલાકારોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે મુખ્ય કલાકારોના હસ્તે રાજકોટની ઉભરતી પ્રતિભાઓને શીલ્ડ આપીને સન્માનિત કરવામાં આવી હતી. કાર્યક્રમની પૂર્ણાહુતી સપ્ત સંગીતિની પરંપરા પ્રમાણે રાષ્ટ્રગાન સાથે થઈ હતી. તા.૩ જાન્યુઆરી, મંગળવારના રોજ સુશ્રી ઋતુજા લાડ અને સુશ્રી અવંતી પટેલ દ્વારા ઠુમરી અને દાદરા પ્રસ્તુત કરવામાં આવશે. તેમજ સભાના પ્રથમ ચરણમાં રાજકોટના ઉભરતા કલાકાર અનુજ અંજારિયાનું સંતુરવાદન માણવા મળશે.

# જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન સહદેવસિંહ જાડેજાની શાખાઓમાં સરપ્રાઈઝ મુલાકાત



## દરરોજ એક કલાક દરેક શાખાઓની મુલાકાત લઈ કરશે કામોની સમીક્ષા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

જિલ્લા પંચાયતની હિસાબી શાખાનું જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન સહદેવસિંહ જાડેજાએ સરપ્રાઈઝ વિઝીટ કરેલ હતી. કર્મચારી-અધિકારીની સંપૂર્ણ સમયસર હાજરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો. બાદમાં તેમણે હિસાબી શાખામાં આવતા અન્ય શાખાના બિલોની ચકાસણી કરેલ હતી. કોઈ બિલો કારણ વગર શાખામાં પેન્ડીંગ ન રહે,બિલોમાં અધુરાશ કે વાંધા હોય તો તાકિદે જે તે શાખાને પરત કરવા અને સમય ન બગાડવા સુચના આપેલ હતી. બાદમાં તેમણે હિસાબોનું કલાસીફિકેશનની કામગીરી ચકાસી હતી. ખાસ કરીને સ્વભંડોળમાં કોઈ ખોટા ખર્ચ ન થાય તેની તકેદારી રાખવા સુચના આપેલ હતી. રાજ્ય સરકાર જે તે ખર્ચની ગ્રાન્ટ આપતી હોય તેનો ખર્ચ સ્વભંડોળમાં ન પડે તેની તકેદારી રાખવા જણાવેલ હતું. સને ૨૦૨૨-૨૩નું સુધરેલ અને સને ૨૦૧૩-૨૪ નું બજેટ વહેલાસર તૈયાર કરવા સુચના આપી હતી. શાખામાં આવતી ટપાલો,બિલો,વ્યવસ્થિત રીતે ઈન્વર્ડ થાય,શાખામાં સ્વછતા રહે,રોકોર્ડનું કલાસીફિકેશન કરી યોગ્ય કાર્યવાહી કરવા હિસાબી અધિકારીનું ધ્યાન દોરેલ. અરજદારના પ્રશ્નોનું નિરાકરણ કરવા અને સ્ટાફ કે અધિકારીને કોઈ મુશ્કેલી હોય તો જણાવવા પણ કહેલ. ચેરમેનની મુલાકાતથી હિસાબી શાખાના કર્મચારી ખુશ થયા હતા.વધુમાં કારોબારી ચેરમેન જિલ્લા પંચાયતની વિવિધ શાખામાં રૂબરૂ મુલાકાત લઈને કામની સમીક્ષા કરીને શાખા અધિકારી સાથે ચર્ચા વિચારણા કરીને રોજ ૧ કલાક શાખાની મુલાકાત લઈને વિકાસલક્ષી કામોને વેગ આપવાની બાહેંધરી આપેલ હતી.



# ૧૧મી ઓપન ગુજરાત ફૂટબોલ ટુર્નામેન્ટ રાજકોટ સિટી પોલીસ અને જ્યોતિ ચેલેન્જર કપ-૨૦૨૩નું આયોજન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

ફૂટબોલ વિશ્વકપ-૨૦૨૨ હાલમાં જ પૂરો થયેલ હોય ભારતભરમાં ફૂટબોલ ફિવર છવાયેલ છે. ત્યારે ૧૧ ઓપન ગુજરાત ફૂટબોલ ટુર્નામેન્ટ (દિવસ અને રાત્રી) એટલે રાજકોટ સિટી પોલીસ અને જ્યોતિ ચેલેન્જર કપ-૨૦૨૩ આયોજન ACP એમ.આઇ. પઠાણની આગેવાનીમાં તારીખ ૫ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ રેસકોર્સ સ્થિત ફૂટબોલ મેદાન ખાતે યોજવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટના મુખ્ય દાતા જ્યોતિ સી.એન.સી ઓટોમેશન લિમિટેડના SR હેડ તેમજ એહસાસ ટ્રસ્ટના લાઈફ પ્રેસિડન્ટ કૌશિકભાઈ સોલંકી દ્વારા આપવામાં આવેલ યાદી મુજબ આ ટુર્નામેન્ટમાં રાજ્યની ૨૪ થી વધુ ટીમો ભાગ લેશે. દરેક ખેલાડીઓ માટે રહેવાની સુઘડ વ્યવસ્થા સ્પોર્ટ્સ હોસ્ટેલ, રેસકોર્સ ખાતે કરવામાં આવેલ છે. દરેક ખેલાડીઓ માટે સવારે ચા નાસ્તો, બંને સમયનું ભોજન તેમજ એનર્જી ડ્રિન્કની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટનું પ્રથમ વખત All India Football Federation (AIFF) માં રજિસ્ટ્રેશન કરેલ હોવાથી ખેલાડીઓ માટે સેન્ટ્રલાઈઝડ રજીસ્ટ્રેશન સિસ્ટમનો અમલ કરવામાં આવશે

તેમજ દરેક મેચની વિગતો AIFF પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે. ટુર્નામેન્ટની સંપૂર્ણ મેચોમાં સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના ક્વોલિફાઈડ રેફરી તેમજ ટેક્નિકલ સ્ટાફ પોતાની સેવા આપશે. આ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન ટીમને રૂ.૫૧,૦૦૦, રનર અપને રૂ.૩૫,૦૦૦, ત્રીજા સ્થાન વાળી ટીમને રૂ.૭,૦૦૦ અને ચોથા સ્થાન વાળી ટીમને રૂ.૩,૦૦૦ નું રોકડ ઇનામ આપવામાં આવશે તેમજ ટ્રોફિ આપી સન્માનિત કરાશે. દરેક મેચમાં રમતનું સુંદર પ્રદર્શન કરનાર ખેલાડીને મેન ઓફ ધી મેચનું ઇનામ આપવામાં આવશે

તેમજ ટુર્નામેન્ટના અંતે અલગ અલગ પોઝિશન પર શાનદાર પ્રદર્શન કરનાર ખેલાડીઓને ટ્રોફીઓ તથા ઇનામો આપી સન્માનિત કરવામાં આવશે. કુલ રોકડ ઈનામ વિતરણની રકમ રૂ.૧,૦૧,૦૦૦ રહેશે. આ સિઝનના શ્રેષ્ઠ આયોજન માટે રાજકોટના અગ્રણી ઉધોગપતિઓ પરાક્રમસિંહ જાડેજા (સી.એમ.ડી- જ્યોતિ સી.એન.સી. ઓટોમેશન લિમિટેડ, મેટોડા), ઉદયભાઈ પારેખ (સી.એમ.ડી- ઓમ્નીટેક એન્જીનિયરિંગ પ્રાઇવેટ લિમિટેડ, મેટોડા), મૌલેશભાઇ ઉકાણી, યોગેશભાઈ પુજારા, મનીષભાઈ માડેકા, કિશનભાઈ આડેસરા, બાબુભાઈ ડાંગર તેમજ વિક્રમભાઈ જૈનએ ઉદાર દિલે આર્થિક તેમજ નૈતિક સમર્થન કરીને આયોજકોનો ઉત્સાહ વધારેલ છે.

આ ટુર્નામેન્ટની ૧૧મી સિઝનને સફળ બનાવવા માટે રાજકોટ સિટી પોલીસના અધિકારીઓ એમ.આઇ પઠાણ (એ.સી.પી), એમ.બી. મકવાણા (આર.પી.આઈ), એસ.બી. ઝાલા (આર.પી.આઈ), રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન (RDFA) ના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાલા, YCC ફૂટબોલ કલ્બ - રાજકોટના હોદેદાર જયેશભાઈ કનૌજિયા તેમજ એહસાસ ટ્રસ્ટના પ્રમુખ નિશ્ચલભાઈ સંઘવી જહેમત ઉઠાવી રહ્યાં છે.

# રાજકોટ જિલ્લામાં સશક્ત અને સુપોષિત કિશોરી અભિયાન મેળાનો પ્રારંભ

## કિશોરીઓને સ્વ-બચાવ,આરોગ્ય, શિક્ષણ અંગે જાગૃત કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

રાજ્ય સરકાર દ્વારા દીકરી જન્મને પ્રોત્સાહન, દીકરીઓના શિક્ષણ-પોષણ, બાળ લગ્ન પ્રતિબંધ, સલામતી અને સુરક્ષાને સુનિશ્ચિત કરવા સાથે કિશોરીઓને સશક્ત બનાવવા બ્લોક કક્ષાએ સશક્ત અને સુપોષિત કિશોરી અભિયાન મેળા યોજાનાર છે. જે અંતર્ગત આઇ.સી.ડી.એસ. વિભાગ અને મહિલા અને બાળ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે વિવિધ વિભાગો સાથે સંકલન કરીને આજ તા.૦૩ જાન્યુઆરીથી ૬ જાન્યુઆરી ૪ દિવસ દરમિયાન રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકા મથકો અને શહેર ખાતે કિશોરી સેમિનાર અને કિશોરી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારત સરકારની ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી અને ન જતી કિશોરીઓમાં વિવિધ વિષયો બાબતે જાગૃતિ આવે માટે 'કિશોરી કુશળ બનો' થીમ અંતર્ગત આ અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. 'કિશોરી કુશળ બનો' થીમ અંતર્ગત આયોજિત 'સશક્ત અને સુપોષિત કિશોરી-અભિયાન' મેળામાં કિશોરીઓની સુરક્ષા અને સશક્તિકરણ, વિવિધ યોજનાઓની જાણકારી, આંગણવાડીમાં નિયમિત આવવાના લાભ, પોષણ અને આરોગ્ય શિક્ષણ, ઘરેલુ હિંસા વિશે માહિતગાર કરવા તેમજ દીકરા-દીકરી વચ્ચેના ભેદભાવને દૂર કરવા જેવા મુખ્ય વિષયોને કેન્દ્રસ્થાને રાખીને વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવશે. આ સાથે જ શિક્ષણનું મહત્વ, એનીમિયાના નિવારણ માટેના પગલાં, સ્વ-બચાવની તાલીમ, અગત્યની યોજનાઓની વિસ્તૃત સમજણ પણ સેમિનારમાં આપવામાં આવશે.

## વિદ્યાર્થીઓનું અભિવાદન સન્માન સમારોહ

રાજકોટ, તા.૩

ગ્રંથાલય ભારતી સૌરાષ્ટ્ર પ્રાંત અને લાયબ્રેરી એસોસિએશન ગુજરાતના સંયુકત ઉપક્રમે લાયબ્રેરી સાયન્સમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સ્નાતક/અનુસ્નાતક કક્ષા જે વિદ્યાર્થીઓએ ૬૦ ટકા અથવા તેનાથી વધારે માકર્સ મેળવેલ હોય તેમજ પી.એચ.ડી. નેટ/સ્લેટ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓનું અભિવાદન સરસ્વતી સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. જેનાથી લાયબ્રેરી સાયન્સના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તેવા શુભે હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેથી આ સિદ્ધિ કરનારે પોતાની માર્કશીટની નકલ મોકલી ડો.રાજેશ એચ.ત્રિવેદી મો.નં.૯૮૯૮૦ ૨૭૫૧૪ અને દિલીપભાઈ ભટ્ટ મો.નં.૯૪૨૭૨ ૦૦૫૭૧નો સંપર્ક કરવા જણાવાયું છે.

# રામનાથપરા મુકિતધામમાં રવિવારે ૨૫૦૦ અસ્થિઓનું પૂજનઃ ૧૩મીએ હરીદ્વારમાં વિસર્જન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

મહાનગરપાલિકા નિર્મિત સરગમ કલબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા મુકિતધામમાં જુલાઈ-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા.

શહેરના રામનાથપરા મુકિતધામમાં જુલાઈથી તા.૮ના ડિસેમ્બર સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ આપ્યો હતો. તેમનો અસ્થિ પૂજનનો કાર્યક્રમ રવિવારે સવારે ૮:૩૦ થી ૧૦ વાગ્યા સુધી બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિ મુજબ યોજાશે. મૃતકોના તમામ સ્વજનોને સરગમ કલબ દ્વારા વ્યકિતગત પત્ર લખી રવિવારે અસ્થિ



પૂજનની વિધિ માટે પરિવારના સદસ્યો એ રામનાથપરા મુકિતધામમાં પહોંચવા યાદીમાં જણાવે છે. સરગમ કલબ આગામી તા.૧૩ મી જાન્યુઆરીએ આ તમામ અસ્થિઓનું વિસર્જન હરિદ્વાર મુકામે સવારે ૮ કલાકે હરકીપૌડી ઉપર થશે. દરેક મૃતક વ્યકિતનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરાશે. કે, સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે. તેમ યાદીમાં જણાવ્યું હતું. જે પરિવારના વ્યકિતના અવસાન થઇ ગયેલ છે. તેમના પરિવારને કુરિયર મારફ્ત લેટર મોકલી આપેલ છે. જે પરિવારને અસ્થિ જુદા રાખવા હોય તેમને તા.૭ સુધીમાં રામનાથપરા મુકિતધામની ઓફિસે જાણ કરવા વિનંતી વધુ વિગત માટે ફોન નંબર (૦૨૮૧) ૨૨૨૧૯૫૦ / ૨૨૩૭૯૦૦ ઉપર સંપર્ક કરવો.

સમગ્ર અસ્થિ પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન નીચે અને મુકતીધામના ઇન્ચાર્જ રમેશભાઈ અકબરી સાથે મનસુખભાઈ ધંધુકિયા, અને બંને કલબના તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળશે.

# મહિલા કોલેજ ખામટા ઉપક્રમે નાની વાવડીમાં જાથાનો કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ, તા.૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, જીલ્લા પંચાયત જામનગર, તાલુકા પંચાયત કાલાવડ, ગ્રામ પંચાયત, સમસ્ત ગ્રામજનો નાની વાવડી, મહિલા કોલેજ-ખામટા ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ-૧ અંતર્ગત કોલેજના શિબિરાર્થીઓ, ગ્રામજનો, જનસમાજ માટે અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમનું ભવ્ય આયોજન નાની વાવડી પટેલ સમાજના મધ્યસ્થ હોલમાં યોજવામાં આવ્યું છે જેમાં જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયા ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ સાથે પ્રયોગ નિદર્શન કરશે.

શુક્રવાર તા.૬ ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ રાત્રિના ૯ કલાકે પટેલ ૨ માજની વાડીમાં ૯ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં જાહેર જનતા માટે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્‌ઘાટનમાં મહિલા કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી શિવલાલભાઈ ગઢિયા, ઉમેશભાઈ માલાણી, ડો. ડાયાભાઈ પટેલ, પરસોતમભાઈ સાવલીયા, હંસરાજભાઈ લીંબાસીયા, વિઠ્ઠલભાઈ સુતરીયા, ધનજીભાઈ સાંગાણી, બાબુભાઈ સાંગાણી, સતીષભાઈ શામજીભાઈ, પ્રિન્સીપાલ ચેતનાબેન ઠુંમર, ડો. એન. કે. ડોબરીયા કો-ઓર્ડિનેટર, સૌ. યુનિ., પ્રોગ્રામ ઓફિસર ડો. પ્રોફે. શાંતીલાલ રાબડીયા, પ્રોફે. અક્ષયભાઈ રૂપારેલીયા, કોલેજના ટ્રસ્ટીઓ, ગામના આગેવાનો હાજર રહેવાના છે.

રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# વોર્ડ નં.૧૭ પેવિંગ બ્લોકનું નાખવાના કામનું ખાતમુહૂર્ત





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

વોર્ડનં.૧૭માં પારડી રોડ, ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસે પેવિંગ બ્લોકનું નાખવાના કામનું ખાતમુહૂર્ત પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલની ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યું. આ પ્રસંગે વોર્ડનં.૧૭ના શાસકપક્ષ નેતા વિનુભાઈ ઘવા, કોર્પોરેટર રવજીભાઈ મકવાણા, મહામંત્રી યોગેશભાઈ ભટ્ટ, જગદીશભાઈ વાઘેલા, ગૌતમભાઈ ગૌસ્વામી, ચંદુભાઈ ગરનારા, તેમજ લતાવાસીઓ જીતેન્દ્રભાઈ પરમાર, ચિરાગભાઈ વ્યાસ, કિશોરભાઈ પટેલ, દિલીપભાઈ વાઘેલા, કનુભાઈ પટેલ, વિપુલભાઈ રાઠોડ, સાગરભાઈ સાયાણી, હરેશભાઈ ગોપાણી તેમજ ભારતીબેન પારેખ, પદમાબેન પરમાર, પુષ્પાબેન પીઠડીયા ઉપસ્થિત રહેલ.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**
**મો.9429787729**
**email:-saurashtrakranti@gmail.com**

# અખીલ ભારતીય બ્રાહ્મણ સેવા સંગઠનના અધ્યક્ષ જે.ડી.ઉપાધ્યાયનો આજે જન્મદિવસ



રાજકોટઃ 'ઓલ ઈનિડયા બ્રહ્મસમાજ રાજકોટ' ના અધ્યક્ષ અને અનેકવિધ સામાજીક અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા જે.ડી. ઉપાધ્યાયનો આજે જન્મદિવસ છે. તેઓ ૭૪ વર્ષ પૂર્ણ કરી ૭૫ વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. રાજકોટની સામાજીક અને સેવાકીય સંસ્થાઓના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ તેમને શુભેચ્છાઓ, શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવી રહ્યા છે. તેઓનો મો.નં.૯૭૨૩૪ ૧૩૧૮૬ પર શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે.

# મારી ઉણપ એજ મારી તાકાતઃ ટાઈપ વન ડાયાબિટીસથી પિડાતા બાળકો અને તેના પરિવારજનોને હિંમતની હૂંફ આપશે પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા અને નેહલબેન ગઢવી




## જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન દ્વારા રવિવારે પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે અનોખું આયોજનઃ ક્રિકેટર જયદેવ ઉનડકટ અને ફિલ્મ અભિનેતા પ્રિત કામાણી ઉપસ્થિત રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩

છેલ્લા ૧૮ વર્ષથી ટાઈપ વન ડાયાબિટીસ ધરાવતાં બાળકો અને તેના પરિવાર માટે કામ કરતા જુવેનાઇલ ડાયાબિટી ફાઉન્ડેશન દ્વારા આગામી રવિવારે તા.૮ જાન્યુઆરીના રોજ રાજકોટના પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે મારી ઉણપ એ જ મારી તાકાત વિષયે મોટીવેશનલ કાર્યક્રમનું આયોજન કર્યુ છે. જેમાં પદ્મશ્રી સવજીભાઇ ધોળકિયા અને મોટિવેશનલ સ્પીકર નેહલબેન ગઢવી ટાઇપવન બાળકો અને તેમના પરિવારના જીવનમાં હિંમતની હૂંફ પૂરી પાડતું વકતવ્ય આપશે. જયારે આ ઉમદા કાર્યમાં ક્રિકેટર જયદેવ ઉનડકટ અને ફિલ્મ અભિનેતા પ્રિત કામાણી ઉપસ્થિત રહેશે.

જુવેનાઇલ ડાયાબિટિસ ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી અપુલ દોશીના જણાવ્યા મુજબ જેડીએફ (જુવેનાઇલ ડાયાબિટીસ ફાઉન્ડેશન ) છેલ્લા ૧૮ વર્ષથી ટાઇપ વન ડાયાબિટીસ બાળકો અને તેમના વાલીઓ માટે સેવાયજ્ઞ ચલાવી રહ્યું છે. જેમાં ૧૬૨૦ બાળકો અને તેમના પરિવારનો સમાવેશ થાય છે. ૫૦૦થી વધુ બાળકોને નિઃશુલ્ક સારવાર આપવામાં આવતી હોવાનું યાદીમાં જણાવાયું છે. આ કાર્યક્રમમાં ટાઈપ વન ડાયાબિટીસના બાળ દર્દીઓ, તેમના પરિવારજનોને અપુલભાઈ દોશી તરફથી આમંત્રણ અપાયું છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટીઓ અનિશ શાહ, રોહિત કાનાબાર, હરિકૃષ્ણ પંડયા, અમિત દોશી, મિતેષ ગણાત્રા, અજય લાખાણી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.



PACKAGINGHUB
प्रोडक्ट आपका, सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

### રાજકોટના વી.ડી.પારેખ અંધ મહિલા વિકાસ ગૃહમાં

# પારિવારિક હૂંફ અને પ્રેમભર્યા વાતાવરણમાં જીવનને ઉત્સાહભેર માણતી ૮૫ પ્રજ્ઞાચક્ષુ મહિલાઓ





## કાલે વર્લ્ડ બ્રેઈલ ડે

(ગિરીશ ભરડવા દ્વારા)

રાજકોટ, તા.૩

જ્યારે એવું લાગે કે જીવનમાં અનેક સમસ્યાઓ છે ત્યારે રાજકોટના ઢેબરભાઈ રોડ પર આવેલ વી. ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહની મુલાકાતે જઈએ તો ખ્યાલ આવે કે આપણી મુશ્કેલીઓ તો રતિભાર છે.

જન્મથી જ જોઈ ન શકતી બાળકીઓ પોતાની ઉણપને અવગણી બ્રેઈલ લિપિના માધ્યમથી આંગળીઓના સ્પર્શ વડે વાંચતા-લખતા શીખી રહી છે, એટલું જ નહીં સાથેસાથે તેઓમાં ભણાવાતી કવિતાઓ ગાવાનો અદમ્ય ઉત્સાહ જોવા મળે છે.

પ્રજ્ઞાચક્ષુને ઉપયોગી બ્રેઈલ લિપિના શોધક લૂઈસ બ્રેઈલના જન્મદિવસ નિમિત્તે તા. ૦૪ જાન્યુઆરીના રોજ વર્લ્ડ બ્રેઈલ ડે મનાવાય છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘની પેટા સંસ્થા યુનેસ્કો દ્વારા ઈન્ટરનેશનલ સ્ક્રીપ્ટ ફોર ધ બ્લાઈન્ડ તરીકે સ્વીકૃત થયેલી બ્રેઈલ લિપિમાં ૬ ટપકાંનો ઉપયોગ કરી ૬૩ પ્રતિકો બનાવાયા છે. જેમાં અંકો, વિરામ ચિન્હો, ગાણિતિક ચિન્હોનો સમાવેશ કરાયો છે. ઉચ્ચારણના આધારે તૈયાર થયેલી બ્રેઈલ લિપિ તમામ ભાષાઓને લખવા અને વાંચવા માટે ઉપયોગી છે.

વ્રજલાલ દુર્લભજીભાઈ પારેખ અંધ મહિલા વિકાસ ગૃહમાં નેત્રહીન બહેનોના ઉત્કર્ષ માટે ધો. ૮ સુધીનું પ્રાથમિક શિક્ષણ, સંમિલિત શિક્ષણ યોજના અંતર્ગત ધો. ૯થી સ્નાતક સુધીનું શિક્ષણ તથા પ્રારંભિકથી વિશારદ સુધી સંગીત શિક્ષણ તેમજ કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ અને સેમિનાર, બ્રેઈલ લિપિમાં ગણિતની તાલીમ અપાય છે. સાંસ્કૃતિક કાર્યક્રમો, પર્યટન તેમજ વિવિધ સ્પર્ધાઓ વગેરે જેવી ઈત્તર

## નેત્રહીન બહેનોને વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી સમાજની મુખ્યધારામાં સામેલ કરવાનો સંસ્થાનો ધ્યેયઃ માનદ મંત્રી ડો. પ્રકાશ મંકોડી

પ્રવૃતિઓનું આયોજન સંસ્થા ખાતે કરવામાં આવે છે. ખાસ કરીને લાભાર્થી નેત્રહીન બહેનો માટે વિનામૂલ્યે આવાસ અને ભોજનની વ્યવસ્થા આપવામાં આવે છે. ઉપરાંત, સંસ્થા તરફથી અંધ મહિલાઓને ધિરાણ, સાધનો મુકવા માટે ઈક્વીપમેન્ટ બેંક સહિત રૂ. ૧૫૦૦ થી ૩૫૦૦ ની શિષ્યવૃત્તિ, દિવ્યાંગ સાધનો આપવાની સહાય વગેરે પુરા પાડવામાં આવે છે. ગૃહમાં બ્રેઈલ પુસ્તકાલય પણ છે. તેમજ કોમ્પ્યુટરાઈઝડ બ્રેઈલ પ્રોડક્શન સેન્ટરમાં નેત્રહીનો માટે 'સંઘર્ષ' બ્રેઈલ દ્વિમાસિક પત્રિકા સહિતના બ્રેઈલ સાહિત્યનું નિર્માણ કરવામાં આવે છે, જે ૫૦૦ થી વધુ લોકોને સંસ્થા દ્વારા મોકલવામાં આવે છે. સંસ્થાના ટ્રસ્ટી ગીતાબેન મંકોડી દ્વારા બ્રેઈલ લિપિમાં તૈયાર કરાયેલ શ્રીમદ્ ભગવદ્ ગીતા પ્રજ્ઞાચક્ષુઓને નિઃશુલ્ક પહોંચાડવામાં આવે છે. યુનિવર્સિટી ઓફ ચિત્રકૂટ, ઉત્તરપ્રદેશ તરફથી ડોક્ટર ઓફ લિટરેચર ઇન ધ ફિલ્ડ ઓફ ડિસેબિલીટીની પદવી પ્રાપ્ત કરેલા ગુજરાતના એકમાત્ર વ્યક્તિ તથા જન્મજાત પ્રજ્ઞાચક્ષુ ધરાવતા સંસ્થાના માનદ મંત્રી ડો. પ્રકાશભાઈ મંકોડીએ જણાવ્યું હતું કે આ અંધ મહિલા વિકાસ ગૃહની સ્થાપના સ્વ. સંતોકબેન બેંગાલી દ્વારા પોરબંદરમાં થઈ હતી.

## અંધ વિદ્યાર્થીનીઓ માટે રાઈટર તરીકે સેવા આપવા ઈચ્છુકોએ સંપર્ક કરવા અનુરોધ

પોરબંદર બાદ સોનગઢ અને ત્યારબાદ ઈ.સ. ૧૯૬૦ માં રાજકોટ ખાતે સંસ્થાને ખસેડવામાં આવી. તેઓ અંધ મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે ગામડે-ગામડે જતા. લોકોને અંધ મહિલાઓના શિક્ષણ માટે સમજાવતા અને જાગૃત કરતા. સમયની સાથે સરકાર અને શુભેચ્છકોના સહયોગથી સંસ્થા પર લોકોએ વિશ્વાસ મૂક્યો. આથી, આ સંસ્થાએ સામાન્ય લોકો અને દિવ્યાંગો વચ્ચે ભેદભાવ રાખતાં સમાજને સર્વસમાવેશી બનવાનો દ્દષ્ટિકોણ સમજાવી જન માનસ પરિવર્તન કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

### રાજ્ય સરકાર દ્વારા દર મહિને લાભાર્થી દીઠ રૂ.૨૧૬૦ની ગ્રાન્ટ

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વી.ડી.પારેખ અંધ મહિલા વિકાસ ગૃહને દિવ્યાંગોની શૈક્ષણિક સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવેલી છે.આ અંધ મહિલા વિકાસ ગૃહના લાભાર્થીઓના નિભાવ માટે રાજ્ય સરકાર દર મહિને લાભાર્થી દીઠ રૂ.૨૧૬૦ ની ગ્રાન્ટ આપે છે.તેમજ સરકાર માન્ય કર્મચારીઓ માટે સો ટકા પગાર ભથ્થાની ગ્રાન્ટ મળે છે.સરકાર દ્વારા દ્રષ્ટિની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓના કલ્યાણ અને સર્વગ્રાહી વિકાસ માટે વિવિધ યોજનાઓ થકી હાથ ધરવામાં આવતા પ્રયાસો સરાહનીય છે.

### સ્પેશ્યલી ટ્રેઈન્ડ ટીચર્સ દ્વારા દીકરીઓને અપાતું શિક્ષણ

અંધ મહિલા વિકાસ ગૃહમાં અંધજનોની તકલીફો સમજી ઉકેલ લાવવા સમર્થ હોય, અંધજનોને ઉપયોગી સાધનો ચલાવવાની આવડત હોય, તેવા સ્પેશ્યલી ટ્રેઈન્ડ ટીચર્સ દ્વારા દીકરીઓને ભણાવવામાં આવે છે.

એ બાબતનું ખાસ ધ્યાન રખાય છે કે અંધ મહિલાઓને મદદ કરનારાઓ વાસ્તવદર્શી હોય કે જેઓ પરિસ્થિતિની સચોટ અને આબેહૂબ રજૂઆત કરી પ્રજ્ઞાચક્ષુ બહેનો-દીકરીઓના માનસપટલ ઉપર વાસ્તવિક ચિત્ર ઉપસાવી શકે.

### મુખ્ય ઉદ્દેશ નેત્રહીન બહેનોને શિક્ષણ અને સંગીતની તાલીમ આપી સ્વાવલંબી બનાવવાનો

વી.ડી.પારેખ અંધ મહિલા વિકાસ ગૃહનો મુખ્ય ઉદ્દેશ નેત્રહીન બહેનોને શિક્ષણ અને સંગીતની તાલીમ આપી સ્વાવલંબી બનાવવાનો તેમજ વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી સમાજની મુખ્યધારામાં સામેલ કરવાનો છે. સંસ્થામાં અંધ બાળકીઓને સૌ પ્રથમ શીખવવામાં આવે છે કે પ્રથમ તેઓ પોતાની શારીરિક તકલીફને સ્વીકારે કારણ કે પીડાને સ્વીકારી લેવાથી માનસિક રાહત મળે છે. ત્યારબાદ મુશ્કેલીને સ્વીકારીને સમાધાન લાવવા પ્રયત્ન કરે. ત્યારબાદ લક્ષ્યાંકોને હાંસલ કરીને જીવનમાં પ્રગતિ કરે અને જે કામ કરો, તે આત્મવિશ્વાસથી કરો.

### અંધ મહિલાઓને સહાયરૂપ બનવા ૨૧ લોકોનો સ્ટાફ ફરજ પર

આ અંધ મહિલા વિકાસ ગૃહના કેમ્પસ ઈનચાર્જ કલ્યાણીબેન જોષીએ જણાવ્યું હતું કે સંસ્થામાં ૭ વર્ષથી ૬૫ વર્ષની ઉંમર ધરાવતી દીકરીઓ-બહેનો સુખ, શાંતિ અને સલામતીથી હળીમળીને રહે છે. તેમજ તેઓને પારિવારિક હૂંફ અને પ્રેમભર્યું વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. ગૃહ ખાતે હાલમાં ૮૫ અંધ મહિલાઓ રહે છે, જ્યારે ૧૩ દીકરીઓ માત્ર અભ્યાસ અર્થે આવે છે. અંધ મહિલાઓને સહાયરૂપ બનવા કુલ ૨૧ લોકોનો સ્ટાફ ફરજ બજાવે છે. ઈનચાર્જ કલ્યાણીબેન જોષીએ કહ્યું હતું કે આ સંસ્થામાં રહીને, ભણીગણીને જીવનમાં પગભર બનનાર અંધ મહિલાઓ 'સંસ્થાનું સંસ્થાને તર્પણ'ની ભાવના સાથે આર્થિક કે અન્ય રીતે યોગદાન આપતા હોય છે તો કોઈ સેવાભાવીઓ અમુક વર્ષ માટે અંધ બાળકીઓને દત્તક લઈ તેની આર્થિક જવાબદારી ઉપાડતા હોય છે.ખાસ કરીને અંધ બાળકીઓને પરીક્ષા સમયે રાઈટરની મદદ મળી જાય તો તેઓ પણ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શકે તેમ છે. જે અંધ વિદ્યાર્થીનીઓ માટે રાઈટર તરીકે સેવા આપવા ઈચ્છુક હોય, તેઓને સંસ્થાનો સંપર્ક કરવા અનુરોધ છે.

## આજનું રાશિફળ



### મેષ (અ, લ, ઈ)

આજે તમે તમારી અંદર એક અદભૂત ઊર્જા અને ઉત્સાહ અનુભવ કરશો. તમને કોઈ મહત્ત્વપૂર્ણ તક મળી શકે છે જેનો તમે આજે પૂર્ણ લાભ ઉઠાવવામાં સક્ષમ રહેશો. ઘણાં સમયથી અટવાયેલું ધન પણ આજે તમને મળી શકે છે. તમારી સામે અનેક પડકાર આવીને ઊભા રહેશે. જો તેનો સામનો કરશો તો તમને જીત મળી શકે છે. પરંતુ જો થોડા પણ પાછળ ઘસસો તો મોટું નુકસાન થઈ શકે છે. મન ક્યારેક નિરાશ રહી શકે છે.



### વૃષભ (બ, વ, ઉ)

આજનો દિવસ આર્થિક સ્થિતિને વધારે સારી બનાવવામાં પસાર થશે. પરિવારમાં મોજ-મસ્તી અને સુખમય વાતાવરણ રહેશે. સંબંધોને સારા જાળવી રાખવામાં તમારૂ ખાસ યોગદાન રહેશે. યુવાઓ પોતાના કામના નવા લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે કોશિશ કરશે. બાળકોની ગતિવિધિઓ ઉપર નજર રાખો. તેમનું યોગ્ય માર્ગદર્શન કરવું તમારી જવાબદારી છે. કોઈપણ પ્રકારની યાત્રાને ટાળો તો સારું રહેશે કેમ કે તેમાં સમય ખરાબ થવા સિવાય કશું જ પ્રાપ્ત થશે નહીં.



### મિથુન (ક, છ, ઘ)

ઘરમાં મહેમાનો આવી શકે છે. જેના કારણે તમે દૈનિક કાર્યક્રમમાં પણ પરિવર્તન કરશો અને તમારી ઇચ્છા અને રસ પ્રમાણે દિવસ પસાર થશે. લોકો વચ્ચે કોઈની પણ આલોચના કે નિંદા કરશો નહીં. તેનાથી તેમની છાપ ખરાબ થઈ શકે છે. કોઈ અપ્રિય કે અશુભ સમાચારના કારણે પરેશાન રહી શકો છો. આર્થિક મામલે સાવધાની જાળવી રાખવી.



### કર્ક (ડ, હ)

આત્મવિશ્વાસ અને મનોબળ દ્વારા તમે કોઈ નવી સફળતા પ્રાપ્ત કરી શકો છો. કોઈ પ્રભાવશાળી વ્યક્તિત્વ સાથે તમારી મુલાકાત ધન પ્રાપ્તિના નવા રસ્તો ખોલી શકે છે. મનોરંજનને લગતા કાર્યોમાં વધારે ખર્ચ થવાના કારણે બજેટ ખરાબ થઈ શકે છે. એટલે તમારી ઇચ્છાઓ ઉપર કંટ્રોલ રાખો. નહીંતર વિવાદ થવાની શક્યતાઓ છે.



### સિંહ (મ, ટ)

આજે ધનલાભ થઈ શકે છે. તમારા નજીકના કોઈ વ્યક્તિની મદદ કરીને તમને સુખનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને પણ પ્રતિયોગિતાને લગતી પરીક્ષામાં સફળતા મળવાના યોગ બની રહ્યા છે. અન્ય લોકોની આલોચનામાં ભાગીદાર ન રહો, તેનાથી તમારા સંબંધ ખરાબ થઈ શકે છે. સામાન્ય વાતે પણ મિત્રો સાથે વિવાદ થવાની શક્યતાઓ છે.



### કન્યા (પ, ઠ, ણ)

આજે સમય જ્ઞાનવર્ધક અને મહત્ત્વપૂર્ણ જાણકારી પ્રાપ્ત કરવામાં પસાર થશે. કોઈ પ્રેરક વ્યક્તિ સાથે મુલાકાત થશે. માનસિક શાંતિ રહેશે. દૈનિક અને રોજિંદા કાર્યો પણ યથાવત ચાલતા રહેશે.



### તુલા (ર, ત)

આજે તમે તમારી યોજનાઓને શરૂ કરશો. જેમાં રચનાત્મક કાર્યો મુખ્ય રહેશે. આજે તમે તમારા સ્વભાવમાં પોઝિટિવ પરિવર્તન લાવી રહ્યા છો તેના કારણે પરિવાર અને સંબંધીઓ વચ્ચે તમારી છાપ જળવાયેલી રહેશે. ઘરમાં કોઈ વડીલના સ્વાસ્થ્યને લઇને ચિંતા રહેશે. હોસ્પિટલના ચક્કર પણ ખાવા પડી શકે છે. ઘરમાં વધારે ડિસિપ્લિન જાળવી રાખવી પારિવારિક લોકો માટે પરેશાની ઊભી કરી શકે છે.



### વૃશ્ચિક (ન, ય)

તમે જે કામ વિચારશો તેને પૂર્ણ કરીને જ રહેશો. ઊર્જાવાન અનુભવ કરશો તથા પરિવારના સભ્યો પ્રત્યે તેમની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં પણ તમારો સમય પસાર થશે. તમારી યોજનાઓને યોગ્ય રીતે શરૂ કરવા માટે તમારા વિચારોમાં નકારાત્મકતા ઊભી થવા દેશો નહીં. સાથે જ વાણી અને ગુસ્સા ઉપર પણ નિયંત્રણ રાખો.



### ધન (ભ, ધ, ફ, ઢ)

આજનો દિવસ લાભકારી છે. સમય સુખમાં પસાર થશે તથા દિલ ખોલીને પોતાના પરિવાર ઉપર ખર્ચ કરશો. અન્ય લોકોની નજરમાં તમારી છાપ વધારે સુધરશે અને સંબંધો પણ મજબૂત બનશે. મહેમાનોની અવર-જવર વધારે રહેવાથી તમે પરેશાન રહેશો. ભાઈ-બહેનો વચ્ચે મતભેદ વધવાની શક્યતા છે તેનું કારણ તમારા ગુસ્સા ઉપર કાબૂ ન રાખવાનું રહેશે. આ વાતોની અસર તમારી ઊંઘ ઉપર પણ પડશે.



### મકર (ખ, જ)

આ સમય પ્રતિષ્ઠા વર્ધક છે. ભાગ્ય તમને સહયોગ કરી રહ્યું છે. ખાસ વ્યક્તિઓ સાથે મુલાકાત થઈ શકે છે. તમે તમારી વાતો દ્વારા તમામ વિઘ્નો પાર કરીને આગળ વધી શકો છો. ધ્યાન રાખો કે ક્યારેક વધારે વિચારવાથી સફળતા હાથમાંથી સરકી શકે છે. અટવાયેલાં સરકારી કાર્યોને પૂર્ણ કરતી સમયે વધારે મહેનત કરવાની જરૂરિયાત છે. બાળકોને લઈને તણાવ રહેશે



### કુંભ (ગ, સ, શ, ષ)

તમે તમારી પારિવારિક અને વ્યવસાયિક જવાબદારીઓને યોગ્ય રીતે અંજામ આપી શકો છો. યશ કીર્તિ અને માન-સન્માનમાં વધારો થઈ શકે છે. અભ્યાસને લગતા કાર્યોમાં રસ રહેશે. સામાજિક ગતિવિધિઓમાં પણ તમે આગળ વધીને ભાગ લેશો. ભાઈ-બહેન સાથે સંબંધ થોડા ખરાબ થઈ શકે છે. પરંતુ પરિસ્થિતિ એટલી પણ નકારાત્મક નથી કે તમે પોઝિટિવિટી શોધી ન શકો. પરંતુ વાણી અને ગુસ્સા ઉપર કાબૂ રાખો નહીંતર તમારું કામ ખરાબ થઈ શકે છે.



### મીન (દ, ચ, થ, ઝ)

અભ્યાસ કરી રહેલાં જાતકો માટે સફળતાદાયક સમય છે. એટલે એકાગ્ર રહો. તમારી ઊર્જા અને શક્તિ વધારવા માટે સારા સાહિત્ય અને આધ્યાત્મિક કાર્યોમાં રસ લો. તેનાથી તમારા વ્યક્તિત્વમાં આશ્ચર્યજનક ફેરફાર આવી શકે છે. ઘરમાં કોઈ વાતને લઈને કલેશની સ્થિતિ બની શકે છે.

## બાબરા પંથકમાં હનીટ્રેપની ઘટનાને લઈને ચકચાર મચી

### પ્રૌઢ મહિલાની ચુંગાલમાંથી બચીને પરત ઘરે જતાં ૪ અજાણ્યા શખ્સોએ પ્રૌઢને લાકડી વડે મારી ધમકાવ્યા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.૩

બાબરા ગામે રહેતા અને ઈલેક્ટ્રોનીક્સ રીપેરીંગનો ધંધો કરતાં ભરતભાઈ અમરશીભાઈ કરકર નામનાં ૪૨ વર્ષીય પ્રૌઢને અમદાવાદ ખાતે રહેતી મહિલાએ ફોનમાં જમીન તથા ગાયની લે-વેચની વાતો કરી તમને મળવું છે તેવી મીઠી મીઠી વાતો કરી પ્રૌઢને મળવાનાં બહાને બોલાવી તેણીએ પ્રૌઢ સાથે શરીર સબધં બાંધવા માટેનો પ્રયત્ન કરતાં આ પ્રૌઢે ના પાડી પોતાના ઘરે પરત આવતો હોય. ત્યારે ૪ જેટલા અજાણ્યા ઈસમોએ ફોર વ્હીલ લઈ આવી પ્રૌઢને લાકડી વડે મારમારી ગાળો આપી ફોર વ્હીલમાં અપહરણ કરી ચાવંડ, ઢસા, ગઢડા જેવા અલગ અલગ અવાવરૂ જગ્યાએ લઈ જઈ પ્રૌઢ પાસે પ્રથમ ૧ કરોડ બાદમાં ૫૦ લાખ અને છેલ્લે રૂા. ૫ લાખની માંગણી કરી હતી અને જો પૈસા નહી આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી અજાણ્યા ઈસમે પોતે પોલીસમાં હોય તેવો ઢોંગ કરી પ્રૌઢને બળાત્કારનાં ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી.

આ ચારેય શખ્સોએ પ્રૌઢ પાસેથી બળજબરીથી મિલ્કત કઢાવી લેવા અટકાયતમાં રાખી આરોપી મહિલા સાથે શરીર સબંધ બાંધેલ હોય તેવી જબરદસ્તીથી કબુલાત કરવા ફરજ પાડી અને પ્રૌઢનાં દીકરા સાથે ફોનમાં વાત કરાવડાવી અને પ્રૌઢની મુકિત માટે ૪ કોરા ચેક મેળવી અને પોતે પોલીસમાં ન હોવા છતાં ખોટા ઢોંગ કર્યાની ફરિયાદ પ્રૌઢે બાબરા પોલીસમાં નોંધાવતા બાબરાનાં પીઆઈચાર.ડી. ચૌધરીએ આ બનાવની તપાસ હાથ ધરી છે.

### બનાવ બાદ મહિલા સહિત ૫ શખ્સો વિરૂદ્ધ સ્થાનિક પોલીસમાં ફરિયાદ

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

# મનપા વેરા વસુલાત શાખા દ્વારા ૪૫ મિલ્કતો સીલઃ રૂા.૮૧.૫૪ લાખની રીકવરી





## આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, વિવેક મહેતા તથા તમામ વોર્ડ ઓફિસર, વોર્ડ ટેક્ષ ઈન્સ્પેકટર દ્વારા સઘન કામગીરી હાથ ધરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં બાકી રહેતા વેરાની વસુલાત માટે વેરા વસુલાત શાખા સક્રિય બની છે અને કુલ ૪૫ મિલ્કતોને સીલ કરી ૮૧.૫૪ લાખની રીકવરીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

વોર્ડ નં- ૧માં નાણાવટી ચોક પાસે આવેલ જાસલ કોમ્પ્લેક્ષ માં ર યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૦૦ લાખ, નાણાવટી ચોક પાસે આવેલ જાસલ કોમ્પ્લેક્ષમાં ઓફિસ નં.,૩૩૧, ૩૩૨, ૪૧૩ ના યુનિટને સીલ મારેલ. વોર્ડ નં-૪માં જુના મોરબી રોડ પર આવેલ રાજકોટ મર્ચન્ટ એસોસિએશનના યુનિટને સીલ મારેલ., સદગુરૂનગર માં ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૬૦ લાખ. વોર્ડ નં-૫માં પેડક રોડ પર આવેલ સર્વેશ્વર ચેમ્બર ગ્રા. ફ્લોર શોપ નં.૧૧ અને ૧૩ ના યુનિટને સીલ મારેલ. વોર્ડ નં-૬માં સંત કબીર રોડ પર આવેલ શ્રી સોનલ કોમ્પ્લેક્ષ માં આવેલ શોપ નં.૬ ૭ ના યુનિટને માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૨૬ લાખ. વોર્ડ નં-૭માં રજપૂત પરા માં આવેલ સજય એપાર્ટમેન્ટ ઓફિસ નં.૩૦૭, ૩૧૦ના યુનિટને સીલ મારેલ, રજપૂતપરામાં આવેલ મહાવીર નિવાસ ઓફિસ નં.૨૦ના યુનિટ ને સીલ મારેલ, રજપૂતપરામાં આવેલ અક્ષર હાઉસ શોપ નં.૧ ના યુનિટ ને સીલ મારતા રીકવરી રૂ.૩.૯૦ લાખ, રજપૂતપરામાં આવેલ અક્ષર હાઉસ શોપ નં.૨ના યુનિટ ને સીલ મારતા રીકવરી રૂ.૫૩,૦૦૦, રજપૂત પરામાં આવેલ અક્ષર હાઉસ શોપ નં.૩ ના યુનિટ ને સીલ મારતા રીકવરી રૂ.૫.૮૦ લાખ, ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં આવેલ ગજહંસ કોમ્પ્લેક્ષમાં ૧-યુનિટનાને સીલ મારતા રીકવરી રૂ.૭૩૫૫૧, ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં આવેલ ગજહંસ કોમ્પ્લેક્ષમાં ૩૦૧ના યુનિટનાને સીલ મારતા રીકવરી રૂ.૯૮,૬૯૮. વોર્ડ નં- ૮માં કાલાવાડ રોડ પર આવેલ બિઝનેશ પાર્ક માં ફસ્ટ ફ્લોર પર આવેલ શોપ નં.૧૦૧ યુનિટને સીલ મારેલ. તથા વોર્ડ નં.૯થી ૧૮માં પણ આ કાર્યવાહી હાથ ધરી હતી.

સે.ઝોન દ્વારા કુલ-૧૭ મિલ્કતોને બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરેલ તથા રીકવરી રૂા.૧૮.૯૦.લાખ, વેસ્ટ ઝોન દ્વારા-૧૧ મિલ્કતોને બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરેલ તથા રીકવરી રૂા.૧૩.૫૪ લાખ, ઈસ્ટ ઝોન દ્વારા-૧૭ મિલ્કતોને બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરેલ તથા રીકવરી રૂા.૪૯.૧૦ લાખ. આજ રોજ વેરા-વસુલાત શાખા દ્વારા કુલ-૪૫ મિલ્કતોને સીલ કરેલ તથા રીકવરી રૂા. ૮૧.૫૪ લાખ રીકવરી કરેલ છે.

આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, વિવેક મહેતા તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશ્નર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

### રાજકોટ મનપાની દબાણ હટાવ શાખા દ્વારા

# રસ્તા પર નડતર રૂપ ૩૨ રેકડી-કેબીનો જપ્ત

## ઉપયોગમાં લઇ ન શકાય ૨૦૫૩ કિલો શાકભાજી-ફળો જપ્ત કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા ગત તા.૨૬/૧૨/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ ની શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

જેમ કે, રસ્તા પર નડતર ૩૨ રેકડી-કેબીનો રેસકોર્ષ રોડ, જંકશન રોડ ફુલછાબ ચોક, ગાયત્રીનગર, જ્યુબેલી માર્કેટ, સાધુવાસવાણી રોડ, પુષ્કરધામ મેઈન રોડ, ચંદ્રેશનગર માર્કેટ, ભિમનગર રોડ, મોવડી મેઈન રોડ, પરથી જપ્ત કરવામાં આવી હતી, જુદીજુદી અન્ય ૬૪ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી જંકશન રોડ, જામનગર રોડ, ઢેબર રોડ, પુષ્કરધામ મેઈન રોડ, નાનામૌવા મેઈન રોડ, સાધુવાસવાણી રોડ, મવડી મેઈન રોડ, બાપાસીતારામ ચોક, ચંદ્રેશનગર માર્કેટ, ધરાર માર્કેટ રોડ,સંતકબીર રોડ, પરથી જપ્ત કરવામાં આવી હતી, ૨૦૫૩ કી.ગ્રા. શાકભાજી-ફળો કે જે ઉપયોગમાં લઇ શકાય તેમ ન હતા તેને મવડી બાપાસિતારામ ચોક, મવડી મેઈન રોડ, નાનામૌવા રોડ, જ્યુબેલી માર્કેટ, જંકશન રોડ, સિવિલ હોસ્પિટલ પુલ પાસે, ગાયત્રીનગર મેઈન રોડ, ચંદ્રેશનગર માર્કેટ, પુષ્કરધામ મેઈન રોડ, પરથી જપ્ત કરવામાં આવ્યા હતા, તેમજ પશુઓને નાખવા માટે લિલુ ૭૦ પુરા તે જામનગર રોડ, એરપોર્ટ રોડ પરથી જપ્ત કરેલ રૂ.૩૪,૭૦૦ વહીવટી ચાર્જ ગાયત્રીનગર રોડ, મોરબી રોડ, સંતકબીર રોડ, ધરાર માર્કેટ, નાના મૌવા રોડ, મવડી બાપાસિતારામ ચોક, સ્પિડવેલ ચોક, ઢેબર રોડ, જંકશન રોડ, પરથી વસુલ કરવામાં આવ્યો હતો, રૂ.૧૦,૪૭૫ મંડપ ચાર્જ જે મવડી મેઈન રોડ, નાના મૌવા રોડ, પંચાયત ચોક, સાધુવાસવાણી રોડ, હેમુ ગઢવી રોડ, સ્પિડવેલ પાર્ટી પ્લોટ, સંતકબીર રોડ, યાજ્ઞિક રોડ પાસેથી વસુલ કરવામાં આવ્યો હતો.

# મગફળી સ્થિર છતાં સિંગતેલમાં વધારોઃ જીરૂ ઓલટાઈમ હાઈ,મણના ભાવ રૂ.૬૪૦૦ ઉપજયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

રાજ્યમાં ઓછા વાવેતર-ઉત્પાદનના પગલે જીરૂના ભાવ વધુ એક રેકોર્ડ તોડીને આજે રૂ.૬૪૦૦ બોલાયા હતા તો બીજીતરફ મગફળીનું ધૂમ ઉત્પાદન અને ભાવ પણ સ્થિર છતાં સિંગતેલમાં નવા વર્ષના આરંભે રૂ.૨૫નો વધારો ઝીંકાયો છે.

રાજ્યમાં જીરૂનું વાવેતર સરેરાશ ૪.૨૨ લાખ હેક્ટરમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

## માર્કેટયાર્ડમાં કોબી રૂપિયે કિલો વેચાયુંઃ ૪૧૨ ક્વિન્ટલની આવક થતા ભાવમાં કડાકા

રાજકોટઃ માર્કેટિંગ યાર્ડમાં આજે કોબીના ભાવમાં કડાકો બોલી ગયો હતો. કોબી હોલસેલમાં એક રૂપિયે કિલો વેચાયું હતું કોબીના ભાવ ડાઉન થતા ખેડૂતોને ખેતરેથી કોબી યાર્ડ સુધી પહોંચાડવાનું પણ મોંઘું પડ્યું હતું. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં આજે કોબીની ૪૧૨ ક્વિન્ટલ આવક થતા નીચામાં કોબીનો ભાવ ૨૦ કિલોનો રૂપિયા ૨૦ બોલાયો હતો જ્યારે સારો માલ ૨૦ કિલોનાને ભારે નુકસાની સહન કરવી પડશે કેટલાક ખેડૂતોએ ૮૦ સુધી ઊંચામાં વેચાયો હતો જો કે છૂટકમાં કોબીના ભાવ પાંચ ગણા બોલાઈ રહ્યા છે. ગૃહિણીઓને આજે પણ પાંચથી દશના કિલો લેખે કોબી ખરીદવાનો વારો આવે છે ખેડૂતોને ભાવ મળતો નથી બીજી તરફ લોકો સુધી વ્યાજબી ભાવે કોબીનો જથ્થો પહોંચતો નથી. કોબી ઉપરાંત આજે સુકી ડુંગળીના ભાવ પણ ૨૦ કિલોના ૮૦ સુધી નીચે ગયા હતા. આવક વધતા ભાવમાં ઘટાડો થયો હોવાનું જાણવા મળે છે ખેડૂતો એ કોબીના ભાવ તળિયે ગયાનું જણાવ્યું હતું.

# રાજકોટમાં શનિવારે ભારત-શ્રીલંકા વચ્ચે ટી-૨૦ ક્રિકેટ જંગ

## મેચ સાંજે ૭ વાગ્યાથી શરૂ થશે, ટિકિટના દર રૂ.૧૧૦૦ થી લઈ રૂ.૭ હજાર સુધીના જાહેર



## ક્રિકેટ રસિયાઓ ખુશખુશાલઃ તા.૬ જાન્યુઆરી શુક્રવારે બંને ટીમો રાજકોટ આવી જશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

આવતી તા.૭ મી જાન્યુઆરી શનિવારના રોજ રાજકોટમાં ભારત અને શ્રીલંકાની ટીમો વચ્ચે ટી-૨૦ ક્રિકેટ જંગ ખેલાશે. આજે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા સત્તાવાર જાહેરાત થતા જ રાજકોટ શહેરમાં ક્રિકેટ જવર ફરી વળ્યો છે અને ટી-૨૦ મેચનો રોમાંચ મેળવવા માટે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના ક્રિકેટ રસિયાઓ આતુર બન્યા છે. બંને ટીમો તા.૬ ને શુક્રવારે રાજકોટ આવી પહોંચશે. બંને ટીમો વચ્ચેનો રોમાંચક ક્રિકેટ જંગ તા.૭ ના રોજ સાંજે ૭ વાગ્યાથી શરૂ થશે. ટી-૨૦ માટે ટિકિટનો દર રૂ.૧૧૦૦ થી લઇ રૂ.૭ હજાર સુધીનો રાખવામાં આવ્યો છે.

એસોસિએશન દ્વારા એડવાન્સ ઓનલાઈન ટિકિટ બુકિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. એસોસિએશનને નક્કી કરેલા સ્થળ પર જઈને પણ ટિકિટ ખરીદી શકાશે. શુક્રવારે બંને ટીમો રાજકોટ આવી જશે અને એ જ દિવસે પ્રેક્ટીસ કરશે. જામનગર રોડ પર ખંઢેરી પાસે બનેલા નવા સ્ટેડિયમમાં શ્રીલંકાની ટીમ પહેલીવાર મેચ રમી રહી છે.

સ્ટાર ક્રિકેટરોની ઝલક મેળવવા માટે ક્રિકેટ ચાહકો આતુર બન્યા છે. બંને ટીમો જ્યાં ઉતરવાની છે એ હોટલ દ્વારા ટીમોના સ્વાગત માટે જોરદાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. કોરોનાની તકેદારી રૂપે હોટલના સ્ટાફનો ૭૨ કલાક પહેલા કોરોના ટેસ્ટ કરી લેવાશે. ભારતની ટીમ હોટલ સયાજીમાં ઉતરવાની છે. હોટલમાં જોરદાર શણગાર કરવામાં આવી રહ્યો છે.

રાજકોટના નવા સ્ટેડિયમ પર અત્યાર સુધીમાં ૪ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમાયા છે. આ પૈકી ૩ ભારત જીત્યું છે અને ૧ મેચ ન્યુઝીલેન્ડ જીત્યું છે. આ મેદાન પરનો સર્વોચ્ચ ટી-૨૦ સ્કોર ૨૦૨ રહ્યો છે, જયારે સૌથી ઉચો સ્કોર ૮૭ રહ્યો છે. રાજકોટમાં રીતસરનો ક્રિકેટ જવર પ્રસરી ગયો છે. સૌરાષ્ટ્રભરમાંથી અહીં ક્રિકેટ રસિયાઓ મેચ જોવા આવી પહોંચે તેવી શક્યતા છે. બંને ટીમની હોટલ અને સ્ટેડિયમ પર સંગીન પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.(૨.૧૨)

## ભારત-શ્રીલંકા ક્રિકેટ મેચ સંદર્ભે ટ્રાફિક ડાયર્વઝન રૂટ જાહેર

રાજકોટઃ આગામી તા.૭ ના રોજ રમાનાર ભારત-શ્રીલંકા ક્રિકેટ મેચ સંદર્ભે ટ્રાફિક ડાયર્વઝન રૂટ જાહેર કરાયા છે.તા.૭ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ભારત તથા શ્રીલંકા વચ્ચે આંતર રાષ્ટ્રીય ટી-૨૦ ક્રિકેટ મેચ પડધરી પોલીસ સ્ટેશનના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન,ખંઢેરી સ્ટેડિયમ ખાતે યોજાનાર છે. મેચમાં આશરે ૩૦ હજાર પ્રેક્ષકો વાહન સાથે આવનાર છે.આ સ્ટેડિયમ રાજકોટ - જામનગર હાઇ-વે રોડ પર હોવાથી હાઈવે પર વાહનોનો ટ્રાફિક રહેતો હોઈ ક્રિકેટ મેચના દિવસ દરમિયાન ટ્રાફિક જામ નિવારવા માટે તા.૦૭/૦૧/૨૦૨૩ ના ૧૬:૦૦ કલાકથી તા.૦૮/૦૧/૨૦૨૩ ના ૧:૦૦ કલાક સુધી જામનગર થી રાજકોટ તરફ આવતા મોટા વાહનોને( ટ્રક, ટેન્કર, ટ્રેલર વગેરે ) પડધરી- મોવૈયા સર્કલથી ડાયવર્ઝન આપી, ટંકારા થઈ રાજકોટ તરફ આવશે અથવા પડધરી-નેકનામ- મીતાણા થઈ રાજકોટ તરફ ડાયવર્ઝન દ્વારા આવશે તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,રાજકોટ કે.બી.ઠક્કર દ્વારા હુકમ કરવામાં આવેલ છે.

આ હુકમ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા ક્રિકેટ મેચના કામે ફરજ પર રોકેલા વાહનો, એસ.ટી બસ, સરકારી વાહનો, શબવાહિની, એમ્બ્યુલન્સ તથા ફાયર ફાઈટર જેવા વાહનો તેમજ જે લોકો ક્રિકેટ બોર્ડની ટિકિટ ખરીદીને કે પાસના આધારે ક્રિકેટ મેચ નિહાળવા ખંઢેરી સ્ટેડિયમ જતા હોય તેવા વાહન ચાલકોને અને ખંઢેરી સ્ટેડિયમની આસપાસના ગામોમાં રહેતા હોય જેનો આધારભૂત પુરાવો રજૂ કરે તેવા વાહનોને લાગુ પડશે નહીં.આ આદેશનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે તેમ જાણવા મળેલ છે.

# ઝોન કચેરીમાં ડે.કમિશનરની ગેરહાજરીથી પ્રજા પરેશાન

## વિરોધપક્ષના નેતા ભાનુબેન સોરાણીએ મ્યુ.કમિશનરને કરી લેખિત રજૂઆત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

રાજકોટ મહાનગરપાલિકાના કુલ ૧૮ વોર્ડ છે જેમાં વહીવટી સરળતા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ઈસ્ટ ઝોન (પૂર્વ ઝોન), સેન્ટ્રલ ઝોન (મધ્ય ઝોન) અને વેસ્ટ ઝોન (પશ્ચિમ ઝોન) આમ કુલ ત્રણ(૩) વિભાગમાં વોર્ડની વહેંચણી ઈસ્ટ ઝોન (પૂર્વ ઝોન)માં વોર્ડ નં.૪,૫,૬,૧૫,૧૬ અને ૧૮ સેન્ટ્રલ ઝોન (મધ્ય ઝોન)માં વોર્ડ નં. ૨,૩,૭,૧૩,૧૪ અને ૧૭ તેમજ વેસ્ટ ઝોન (પશ્ચિમ ઝોન)માં વોર્ડ નં. ૧,૮,૯,૧૦,૧૧ અને ૧૨ આમ ૬(છ) વોર્ડના ભાગ પાડી ત્રણેય ઝોનમાં ઝોન કચેરી કાર્યરત કરવામાં આવેલ છે આ ઝોન કચેરીઓમાં ડેપ્યુટી કમિશનરની અલાયદી એ.સી. ચેમ્બર, ઈનોવા ગાડી, મિટિંગ રૂમ, કોન્ફરન્સ હોલ બનાવવામાં આવેલ છે જયારે આ તમામ સુવિધાઓ અને સ્વતંત્ર નિર્ણય લેવાની સત્તા ડેપ્યુટી કમિશનરને આપેલ હોય ત્યારે તેઓ શા માટે ઝોનલ કચેરીમાં હાજર રહેતા નથી.

ઇસ્ટ ઝોન કચેરીમાં ડેપ્યુટી કમિશ્નર અનેક દિવસો સુધી ફરકાતા નથી તેમજ વેસ્ટ ઝોન કચેરીમાં પણ આવી જ સ્થિતિ છે ત્યારે વિવિધ વિકાસ કામોની ફાઈલો અને રૂટીન કામગીરી અંગેના કામો છેક એક અઠવાડિયે અથવા ૧૦-૧૦ દિવસે કામની ફાઈલોની નિકાલ થાય છે અને અમુક અમુક કામોની ફાઈલો તો ગુમ થઈ જાય છે અને નવી ફાઈલો ઉપસ્થિત કરવી પડતી હોવાની ખાનગીમાં માલુમ પડેલ છે.

ઉકત તમામ હકીકતો ગંભીરતાપૂર્વક ધ્યાને લઇ બંને ડેપ્યુટી કમિશનરને ઝોન કચેરીમાં સમયસર હાજર રહેવા અને ફાઈલોનો નિકાલ કરવામાં ચીવટ રાખવા અને ફાઈલ ટ્રેસિંગ કરાવી રોજબરોજની કામગીરી આપના ધ્યાનઉપર મુકવામાં આવે તે પ્રકારની કામગીરી કરવા રાજકોટના નગરજનો વતી ભાનુબેન સોરાણીએ રજૂઆત કરી હતી.

# રાજકોટમાં માસ્કના વેચાણમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

કોરોનાની સંભવિત ચોથી લહેરને લઈને માસ્ક, સેનેટાઈઝર, દવાઓના વેચાણમાં વધારો નોંધાયો છે. રાજકોટ શહેરના મેડિકલ સ્ટોરમાં સંભવિત ચોથી લહેરને લઈને કોરોના વાયરસ સામે લડવા સૌથી વધુ અસરકારક માસ્ક અને સેનેટાઈઝરની ડિમાન્ડમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. તો બીજીતરફ આ વાયરસમાં પ્રાથમિક સારવાર અને ફ્લૂ માટે ઉપયોગી દવાઓમાં પણ ૧૫થી ૨૦ ટકા જેટલો વધારો નોંધાયો છે.

આ અંગે કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખે મીડિયાને જણાવ્યું હતું કે, છેલ્લા એક વિકથી કોરોનાની સંભવિત ચોથી લહેર દેખાઈ રહી છે તેને ધ્યાનમાં રાખી સરકાર તરફથી ગાઈડલાઈન આપવામાં આવી છે. સાથે સાથે માસ્કને લઈને લોકોમાં જાગૃતતા જોવા મળી રહી છે જેમાં દિવસેને દિવસે માસ્કના વેચાણમાં વધારો જોવા મળી રહ્યો છે.હાલમાં માસ્કના વેચાણમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે તો સાથે નોર્મલ મેડિકલ કફ અને ફ્લૂ માટે ઉપયોગી થતી હોય તેમાં પણ ૧૫ ટકા જેટલો વધારો જોવા મળી રહ્યો છે.



સૌથી વધુ અસરકારક માસ્ક અને સેનેટાઈઝરની ડિમાન્ડ

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, તમામ મેડિકલ સ્ટોરમાં પણ હાલ દવા, માસ્ક અને સેનેટાઈઝરનો જથ્થો પૂરતા પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. સંભવિત કોરોનાની ચોથી લહેરને લઈને લોકો જાગૃત બન્યા છે અને સાવચેતીના ભાગરૂપે લોકો દ્વારા માસ્ક, સેનેટાઈઝર અને દવાઓનો ઉપયોગ વધારવામાં આવ્યો છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.